RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 16, Issue : 13, Dt.23-4-2025 Wednesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# સરકાર એક્શનમાં: આતંકીઓને જડબાતોડ જવાબ અપાશે

## સાઉદી અરેબીયાની મુલાકાત ટુંકાવી વડાપ્રધાન મોદી દિલ્હી પરતઃ એરપોર્ટ પર જ મોદીની બેઠકઃ અમિત શાહએ શ્રીનગરમાં પરીસ્થિતિ સંભાળી : દિલ્હીમાં સલામતી બાબતોની કેબીનેટની બેઠક : રાજનાથસિંહ સહિતના સિનિયર મંત્રીઓને દિલ્હી પરત બોલાવાયા : સૈન્ય વડાઓ પણ હાજર : સરકાર નિર્ણાયક કદમ ભણી

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ગઈકાલે કાશ્મીર ખીણના પહેલગાવમાં થયેલા ત્રાસવાદી હુમલા તથા ૨૮ સહેલાણીની હત્યામાં જવાબદાર આતંકીઓને શોધવા સૈન્યનું તલાશી-અભિયાન-એન્કાઉન્ટરની તૈયારી ઝડપથી આગળ વધી રહી છે તે વચ્ચે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી તેમની સાઉદી અરેબિયાની મુલાકાત અધુરી મુકીને દિલ્હી પરત આવી ગયા હતા અને એરપોર્ટ પર જ તાકીદની બેઠકમાં પરીસ્થિતિ જાણી હતી.

આ હુમલા બાદ ભારત સરકાર પુરી રીતે એકશનમાં છે. એક તરફ ગૃહમંત્રી શ્રી અમીત શાહ રાત્રીના જ શ્રીનગર પહોંચી ગયા હતા અને સંરક્ષણમંત્રી શ્રી રાજનાથસિંઘ પણ પાટનગર પરત ફર્યા હતા તથા રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુ પણ તેમનો પોર્ટુગલ પ્રવાસ ટુંકાવે તેવી ધારણા છે. સેનાની ત્રણેય પાંખના વડા પણ દિલ્હીમાં મૌજૂદ છે અને નોર્ધન કમાન્ડના વડાને પણ તાત્કાલીક પાટનગર પહોંચવા જણાવી દેવાયુ છે

વિમાની મથકે શ્રી મોદીએ વિદેશમંત્રી શ્રી એસ.જયશંકર તથા રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત દોભલ અને વિદેશ સચીવ સાથે બેઠક યોજી હતી અને બાદમાં સવારે ૧૧ વાગ્યે દિલ્હીમાં સલામતી અંગેની કેબીનેટ કમીટીની બેઠક મળશે અને બાદમાં પણ બેઠકો અને આ હુમલા બાદના સરકારના એકશનની તૈયારી થશે.



પુલવામા બાદના આ સૌથી મોટા હુમલામાં ખાસ કરીને ટુરીસ્ટને નિશાન બનાવાયા છે તે સૌથી મોટો હુમલો અને ત્રાસવાદીઓ આર્મીના યુનિફોર્મમાંજ હતા તથા તેથી ભાગ્યે જ કોઈને શંકા ગઈ હતી.

શ્રી મોદીએ સાઉદી પાટનગર રીયાધમાં પણ તેમની ક્રાઉન પ્રિન્સ સાથેની મુલાકાત બે કલાક વિલંબમાં મુકીને દિલ્હીથી આ હુમલાની માહિતી મેળવી હતી તથા કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમીત શાહ સાથે પણ વાતચીત કરી હતી. બાદમાં શ્રી શાહ તુર્તજ શ્રીનગર જવા રવાના થયા હતા. આજે સલામતી બાબતોની કેબીનેટ બેઠક બાદ વડાપ્રધાન દેશને પણ સંબોધન કરે તેવા સંકેત છે. શ્રી મોદીએ આ હુમલા અંગે સોશ્યલ મીડીયા પ્લેટફોમ પર પહેલગાવમાં થયેલા આતંકી હુમલા અંગે કહ્યુ કે, જે લોકો આ હુમલા માટે જવાબદાર છે તેઓને છોડવામાં આવશે નહી. આતંકવાદ સામે આપણી લડાઈમાં અડગ છીએ અને આ નાપાક હરકતોનો જવાબ અપાશે.

કાશ્મીરમાં આતંકી હુમલાથી સમગ્ર દેશભરમાં જબરો ગુસ્સો છે અને મોદી સરકાર પણ આકરા જવાબની તૈયારીમાં છે તે સમયે હવે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી આજે જ દેશને સંબોધન કરી શકે છે શ્રી મોદી આ હુમલાથી અત્યંત વ્યથિત છે ૨૮ થી વધુ સહેલાણીઓના મૃત્યુ અને જે દહેશત સર્જાઈ તે દર્શાવે છે કે આતંકીઓ અને તેના આકાઓનું જે લક્ષ્ય હતુ તે પાર પાડવામાં આવ્યુ છે.

તેની વડાપ્રધાન હવે સમગ્ર દેશને વિશ્વમાં લઈને આકરા નિર્ણયો કરશે તે નિશ્ચિત છે. દિલ્હીથી મળતા સંકેતો મુજબ આજે શ્રી અમિત શાહ શ્રીનગરથી પરત આવી ગયા બાદ વધુ એક ઉચ્ચ કક્ષાની બેઠક યોજાશે અને તે બાદ શ્રી મોદી દેશને સંબોધન કરી શકે છે.આ ઉપરાંત તેઓ પણ કાશ્મીરમાં ઈજાગ્રસ્તોને મળવા જાય તેવી શકયતા નકારાતી નથી અને તે અંગેનો કાર્યક્રમ અત્યંત ગોપનીયતાથી નિશ્ચિત કરાશે.કાશ્મીરમાં થયેલા હુમલા બાદ પહેલગાવમાં ધરતી પરના સ્વર્ગમાં જ પાકિસ્તાની નર્કનો અનુભવ થયો હતો. હુમલા બાદ પોતાના અત્યંત નજીકના નસ્વજનથી પણ વિશેષ જે મહિલાએ નસ્વથ ગુમાવ્યું હોય તેનું આક્રંદ, ગોળીબારની દહેશતમાં અને પોતાના કુટુંબીજનની હાલતથી અજાણ મહિલાના ચહેરા પર દહેશત ભયનો માહોલ અને હુમલામાં ગંભીર રીતે ઘાયલ મહિલાનું દર્દ તો જેઓ બચી ગયા પણ જેના સ્વજનના લોહીથી તેના કપડા પર લાલ ધાબા પડયા તે યુવતીનો જલ્દી પરિવાર પાસે પહોંચી જવાનો ઉચાટ જોવા મળ્યો હતો

## સ્વર્ગની ધરતી પર ચારે બાજુ લાશો જ લાશો, લીલા ઘાસના મેદાનો લોહીથી લથપથ

**મુખ્ય સમાચાર,જમ્મુ**

જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં આતંકવાદીઓએ પહેલગામના હરિયાળા ઘાસના મેદાનો પર નિર્દોષ પર્યટકો પર ગોળીઓ ચલાવીને લીલા મેદાનોને પર્યટકોના લાલ લોહીથી રંગી દીધાની ઘટનાએ વિશ્વભરમાં ખળભળાટ મચાવ્યો છે. નિઃશસ્ત્ર પર્યટકો પર આતંકીઓએ લોકોનો ધર્મ પુછીને અધર્મી કૃત્ય કર્યું હતું.

ગઈકાલે અહીં આતંકી હુમલામાં હૃદય ખળભળી ઉઠે, દ્રવી ઉઠે તેવા દશ્યો સર્જાયા હતા. ડરી ગયેલા પર્યટકો જીવ બચાવવા ભાગી રહ્યા હતા.

આતંકી હુમલા બાદ રિસોર્ટમાં પર્યટકોના ચીસો-પોકારોથી માહોલ ભયાવહ બની ગયો હતો. રિસોર્ટના ઘાસ નિર્દોષ લોકોના લોહીથી એટલી તો લાલ થઈ ગઈ કે, જેણે પણ દશ્ય નિહાળ્યા હોય તેમનું હૃદય ખળભળી ઉઠયું હતું. આતંકીઓની ગોળીથી ઘાયલ લોકો લોહીથી લથપથ મેદાનમાં પડયા હતા અને પરિવારજનો તેમના જીવ બચાવવા માટે ચીસો પાડતા રહ્યા.

હુમલાવાળી જગ્યાનો એક વિડીયો વાયરલ થયો છે. જેમાં અનેક લોકો લોહીથી લથપથ જમીન પર બેભાન હાલતમાં જોવા મળે છે ત્યાં એક મહિલા પર્યટક રોઈ રહી હતી અને પોતાના પ્રિયજનો-સ્વજનોની તલાશ



કરી રહી હતી. કેટલાક લોકો એટલા તો સ્તબ્ધ થઈ ગયા હતા કે પ્રતિક્રિયા નહોતા આપી શકયા. નજરે જોનારાઓએ દાવો કર્યો હતો કે જેવી આતંકીઓએ ગોળી ચલાવવી શરૂ કરી પર્યટનથી આજીવિકા મેળવનારા મુઠ્ઠીભર સ્થાનિક લોકો સુરક્ષિત સ્થળો તરફ ભાગી ગયા હતા. આથી પર્યટક વિવશ થઈ ગયા હતા. એક મહિલાએ જણાવ્યું હતુ કે, આતંકીઓએ તેમના પતિના માથામાં ગોળી મારી હતી તેને મુસ્લિમ ન હોવા પર ગોળી મારી. મહિલા પોતાના પતિ અને અન્ય ઘાયલોને હોસ્પિટલે પહોંચાડવા મદદની અપીલ કરતી રહી.

આતંકી હુમલાની જેમ ખબર ફેલાઈ કે પહેલગામના માર્ગો અને ગલીઓ સુમસામ બની ગઈ હતી. મોટી સંખ્યામાં આવેલા પર્યટકો રિસોર્ટ અને શહેર છોડીને સુરક્ષિત સ્થળો પર ચાલ્યા ગયા.

પહેલગામમાં જાણીતા બેસરન નામના ઘાસના મેદાન સુધી માત્ર પગપાળા કે ખચ્ચરોથી જ પહોંચી શકાય છે. એટલે અધિકારીઓએ ઘાયલોને બહાર લાવવા માટે હેલિકોપ્ટર બોલાવવુ પડયું હતું.

જો કે હેલીકોપ્ટરના પહોંચવા પહેલા જ સ્થાનિક લોકોએ પોતાના ખચ્ચરોથી કેટલાક ઘાયલોને નીચે ઉતારી દીધા હતા. આ ઉપરાંત સ્થાનિક ગાઈડ અને ખચ્ચરવાળાએ પણ ઘાયલોને ખભા પર ઉઠાવીને વાહનો સુધી પહોંચાડવા માટે લોકોને બોલાવાયા હતા.

### હુમલા નો ઘટનાક્રમ

**૧.30ઃ** બપોરે પહેલગાવની બિલેસી ધુપમાં કોઈ ખુલ્લી હવાનો આનંદ માણી રહ્યુ હતું. કોઈ ઘોડેશ્વારી કરતા હતા તો કોઈ ખુલ્લા રેસ્ટોરામાં નાસ્તો કરતા હતા અને ચારથી છ ત્રાસવાદીઓએ મિનિટોમાંજ અહી લોહીની નદીઓ વહાવી.

**૧.૪૫ઃ** હજારો સહેલાણીઓ ગોળીબારના અવાજ સાંભળી નાસભાગ કરવા લાગ્યા. સામા મળ્યા તેમના નામ પુછી પુછીને ગોળીઓ ધરબી દેવાઈ.

**૨.૪૫ઃ** સમગ્ર દેશમાં આ દહેશત ભર્યા હુમલાના ખબર પડતા જ જબરો આક્રોશ સર્જાયો. જેઓના સ્વજન કાશ્મીરમાં હતા તેઓનો ઉચાટ વધી ગયો અને સુરક્ષાદળો પણ એકશનમાં આવી ગયા હતા.

**૪.૪૮ઃ** આ હુમલાની કરૂણ વાસ્તવિકતા ધીમે ધીમે બહાર આવતી ગઈ અને તે સમયે લશ્કરે તોયબાના ફ્રન્ટ સંગઠન ધ રીજેસ્ટ ફોર્સ હુમલાની જવાબદારી લીધી.

**૭.30ઃ** દિલ્હી એકશનમાં આવ્યું. કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહે ઉચ્ચ કક્ષાની બેઠકમાં સ્થિતિ જાણી અને રીયાધમાં રહેલા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી સાથે વાતચીત કરી અને તેઓએ હાલ દિલ્હીમાંજ રહેલા જમ્મુ-કાશ્મીરના ઉપરાજયપાલ મનોજ સિંહાને પણ તાત્કાલીક સાથે રાખીને શ્રીનગર પહોચવા રવાના થયા.

**૮.૩૨ઃ** ગૃહમંત્રી શ્રીનગરમાં લેન્ડ થયા. રાત્રીના જ એક બાદ એક ઉચ્ચ કક્ષાની બેઠક યોજી અને સુરક્ષાદળોએ પણ અભિયાન તેજ બનાવ્યું.

**૧૧.૫૦ઃ** રીયાધમાં રહેલા વડાપ્રધાન શ્રી મોદીએ તેમનું રોકાણ ટુકાવી મધરાતે જ દિલ્હી પરત આવવા નિર્ણય લીધો.

## માનવતા અને સંવેદના દર્શાવતા પૂ.મોરારીબાપુએ શ્રીનગરમાં ચાલતી રામકથા સ્થગિત કરી

■ પૂ.મોરારીબાપુએ મૃતક પરિવારને રૂા.૫ લાખની સહાયની કરી જાહેરાત



વિશ્વ વિખ્યાત કથાકાર પૂ.મોરારીબાપુની શ્રીનગરમાં ચાલતી નમાનસ-શ્રીનગરથ રામકથા સ્થગિત કરી છે. પૂ.મોરારીબાપુએ શ્રીનગરમાં પાંચ દિવસની કથા કરી હવે પછી ભવિષ્યમાં અધુરા ચાર દિવસની કથા માટે શ્રીનગર જશે.

પૂ.મોરારીબાપુએ જણાવ્યું કે માનવતા અને સંવેદનાની દ્રષ્ટિએ હું રામકથાને સ્થગિત કરૂ છું. ભવિષ્યમાં ચાર દિવસની કથા માટે હું ફરીને આવીશ. કાશ્મીરનાં પહેલગામમાં આતંકવાદીઓનાં ભયાનક હુમલામાં ભોગ બનેલા પ્રવાસીઓનો મૃત્યુ આંક ૨૮ પર પહોંચતા પૂ.મોરારીબાપુએ સંવેદના દર્શાવી છે.

મૃતક પરિવારને રૂા.૫ લાખની સહાયની જાહેરાત કરી છે. મૃતકોને શ્રધ્ધાંજલી અર્પી છે. ઘટનાને પૂ.બાપુએ સખ્ત શબ્દોમાં વખોડી છે.

## પહેલગામ હુમલાના ૩ શંકાસ્પદ આતંકવાદીઓના સ્કેચ જાહેર કરાયા, મૃત્યુઆંક વધીને ૨૮એ પહોંચ્યો

જમ્મુ-કાશ્મીરના પહલગામમાં ૨૮ પ્રવાસીઓનો જીવ લેનાર શંકાસ્પદ આતંકવાદીઓનો પ્રથમ સ્કેચ સામે આવ્યો છે. પ્રત્યક્ષ દર્શીઓના વર્ણનના આધારે સ્કેચ તૈયાર કરવામાં આવ્યા છે. આ આતંકવાદીઓની ઓળખ આસિફ ફૌજી, સુલેમાન સાહ અને અબુ તલહાના રૂપમાં કરવામાં આવી છે. કહેવામાં આવી રહ્યું છે કે પ્રવાસીઓને વીણી વીણીને ગોળબાર કર્યા આ આતંકવાદીઓ નજીકના પહાડી જંગલમાં સંતાઈ ગયા છે. તેમને પકડવા માટે સુરક્ષાકર્મીઓ દ્વારા સઘન તલાશી અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે.

જમ્મુ-કાશ્મીરમાં થયેલા આતંકી હુમલાની જવાબદારી ઝછ્રહ્લએ લીધી છે. તે ફાયનાન્સિયલ ઍક્શન ટાસ્ક ફોર્સ(હ્લછ્ઝહ્લ)ની કાર્યવાહીથી બચવા માટે બનાવવામાં આવી છે. તેનો મુખ્ય ઉદ્દેશ પાકિસ્તાનમાં લશ્કર-એ-તૈયબાના વધી રહેલા વર્ચસ્વમાં ઘટાડો કરવાનું છે. ટાર્ગેટ કિલિંગ જેવા અનેક કિસ્સામાં ટીઆરએફ સામેલ છે. સોશિયલ મીડિયા પર તેઓ એક્ટિવ છે. કાશ્મીરની અંદર ચાલતી દરેક ગતિવિધિઓ પર નજર રાખે છે. અગાઉ તેણે પોતાની હિટ લિસ્ટ પણ જારી કરી હતી. આ લિસ્ટમાં ભાજપના નેતાઓ, સેના અને પોલીસ અધિકારીઓના નામ સામેલ છે.

જમ્મુ-કાશ્મીરમાં થયેલા આતંકી હુમલામાં લોકોને તેમના નામ પૂછીને ગોળી મારવામાં આવી છે. આ આતંકી હુમલાની જવાબદારીધ રેજિસ્ટન્સ



ફ્રન્ટે લીધી છે. તેનો ડેપ્યુટી ચીફ સૈફુલ્લાહ ખાલિદ આ હુમલાનો માસ્ટરમાઈન્ડ છે. તેનું કનેક્શન હાફિઝ સઈદ સાથે છે. સૈફુલ્લાહને પાકિસ્તાન તરફથી સમર્થન મળે છે. તેના પાકિસ્તાની સેના સાથે સારા સંબંધ છે. તેમજ પાકિસ્તાનમાં જેહાદી ભાષણ આપે છે.

સૈફુલ્લાહ ખાલિદને પાકિસ્તાન તરફથી મોટાપાયે સમર્થન મળે છે. તે પાકિસ્તાનમાં જેહાદી ભાષણ આપી ત્યાંના નાગરિકો અને સેનાને ભડકાવવાનું કામ કરે છે. નવયુવાનોનું બ્રેઈનવોશ કરી તેમને આતંકી બનવા મજબૂર કરે છે. સૈફુલ્લાહે બે મહિના પહેલાં જ પાકિસ્તાનના પંજાબના કંગનપુરમાં એક જેહાદી ભાષણ આપ્યું હતું.

## આતંકી હુમલામાં ૩ ગુજરાતીનાં મોત

### ભાવનગર - પાલિતાણાના ૨૦ લોકો પ્રવાસે ગયા હતા : યતિશ પરમાર તથા સ્મિત પરમારનું મોત; વિનુભાઈ ડાભીને ગોળી વાગતા ઘાયલ


જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં ગઈકાલે (૨૨ એપ્રિલ)ના રોજ થયેલા આતંકવાદી હુમલામાં ૨૭ લોકોનાં મોત થયા છે. જેમાં ત્રણ ગુજરાતીઓનો પણ સમાવેશ થાય છે. ભાવનગરના પિતા-પુત્ર અને એક સુરતના યુવકનું મોત થયું હોવાની પુષ્ટિ કરવામાં આવી છે. ભાવનગર જિલ્લા કલેક્ટરના જણાવ્યા મુજબ મૃતદેહોને હવાઈ માર્ગે શ્રીનગરથી મુંબઈ અને બાદમાં ભાવનગર લાવવામાં આવશે.

મૃતકના નામ
શૈલેષભાઈ હિંમતભાઈ કળથિયા (સુરત)
યતીશભાઈ સુધીરભાઈ પરમાર (ભાવનગર)
સ્મિત યતીશભાઈ પરમાર (ભાવનગર)

## ટ્રમ્પ - પુટીન સહિત દુનિયાભરના દેશોએ પહેલગામ હુમલાને વખોડયો : ત્રાસવાદ સામેની લડાઈમાં સંપૂર્ણ સહકાર આપવા તૈયારી

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

કાશ્મીરના પહેલગામમાં પ્રવાસીઓ પર ભયાનક આતંકવાદી હુમલાને દુનિયાભરના દેશોના નેતાઓએ વખોડયો છે અને ત્રાસવાદ સામેની લડાઈમાં ભારતની પડખે જ હોવાનું જાહેર કર્યુ છે. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ, રશિયન વડા પુટીન સહિતના નેતાઓએ હુમલાની આકરી ટીકા કરી હતી અને ઘેરો શોક દર્શાવ્યો હતો.



અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે હુમલાને અત્યંત કાયરતાપૂર્ણ ગણાવ્યો હતો અને ભારતને મજબુત સમર્થન આપવાનું જાહેર કર્યુ હતું. ત્રાસવાદ સામે અમેરિકા કાયમ ભારતની પડખે રહેશે.


હુમલામાં ભોગ બનેલા લોકો પ્રત્યે તેઓએ સંવેદના દર્શાવી હતી. વડાપ્રધાન મોદી સાથે વાતચીત પણ કરી હતી. ભારતના જ પ્રવાસે રહેલા ઉપપ્રમુખ જે.ડી.વેન્સે પણ ત્રાસવાદી હુમલાને અત્યંત આઘાતજનક ગણાવ્યો હતો.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ત્રાસવાદી હુમલાના પગલે સાઉદી અરેબિયાનો પ્રવાસ અધવચ્ચે પડતો મુકીને પરત આવી ગયા હતા. સાઉદી ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બીન સલમાને પણ ત્રાસવાદી હુમલાની કડક નિંદા કરીને આતંકવાદ સામેની લડાઈમાં ભારતને ગમે તે પ્રકારનો ટેકો આપવા તૈયાર હોવાનું જાહેર કર્યુ હતું. રશિયન વડા પુટીને ત્રાસવાદી હુમલાને અત્યંત નિંદનીય ગણાવીને ન્યાય મેળવવાનો સુર વ્યકત કર્યો હતો. હુમલાના સુત્રોચ્ચાર અને આ કૃત્ય આચરનારને કડકમાં કડક સજા આપવાની જરૂરીયાત દર્શાવી હતી.

ઈટાલીના વડાપ્રધાન મેલોની, બ્રિટનના વડાપ્રધાન સ્ટારમર, ઈઝરાયલ વડાપ્રધાન ઉપરાંત ઈરાન, શ્રીલંકા, ફ્રાન્સ, જર્મની, યુક્રેન સહિતના દેશોના નેતાઓએ હુમલાની નિંદા કરીને ભારતને સંપૂર્ણ સહકાર આપવાનું જાહેર કર્યુ હતું.

## ૩૫ વર્ષ બાદ પહેલી વખત આખું કાશ્મીર બંધ

પહલગામમાં આતંકી હુમલાના પગલે ૩૫ વર્ષમાં પ્રથમ વખત કાશ્મીર ખીણમાં સંપૂર્ણપણે બંધનું એલાન આપવામાં આવ્યું છે. નિર્દયી હુમલામાં અનેકના મોતના પગલે પ્રજામાં રોષ ભભૂકી ઉઠ્યો છે. લોકો રસ્તા પર ઉતરી ઉગ્ર કાર્યવાહી કરવાની માગ સાથે દેખાવો કરી રહ્યા છે. સમાજના તમામ વર્ગના લોકો આ હુમલાની નિંદા કરી રહ્યા છે. સરકાર સમક્ષ આકરી કાર્યવાહી કરવાની માગ સાથે દેખાવો કરી રહ્યા છે.




શ્રીનગરમાં મોટાભાગના દુકાનો, ફ્યુલ સ્ટેશન, અને અન્ય વેપાર-ધંધાઓ બંધનું પાલન કરી રહ્યા છે. શહેરમાં માત્ર જરૂરી ચીજવસ્તુઓની જ દુકાનો ખુલ્લી છે. જાહેર પરિવહન સેવા અમુક વિસ્તારોમાં ચાલુ છે. જ્યારે અમુક જગ્યાએ બંધ છે. ખાનગી વાહનો ચાલુ છે. ખાનગી શાળાઓ બંધ છે, જ્યારે સરકારી શાળાઓ ચાલુ છે. શ્રીનગર સહિત કાશ્મીરના ફરવાલાયક તમામ સ્થળો પર ચુસ્ત સુરક્ષા બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. સુરક્ષાકર્મીઓએ સર્ચ ઓપરેશન હાથ ધર્યુ છે. ૩૫ વર્ષમાં પહેલી વખત કાશ્મીરમાં વેપાર-ધંધા સંપૂર્ણપણે બંધ રહ્યા છે. કાશ્મીર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ, કાશ્મીર ટ્રેડર્સ, અને મેન્યુફેક્ચરર્સ ફેડરેશને આ બંધને સમર્થન આપી રહ્યા છે. પીડિતો સાથે સંવેદના વ્યક્ત કરતાં કાશ્મીર યુનિવર્સિટીએ હાલ ચાલી રહેલી તમામ પરીક્ષાઓ સ્થગિત કરી છે. પહલગામમાં ગઈકાલે સાંજે થયેલા આતંકી હુમલા બાદ કાશ્મીરમાં ચારેકોર સુરક્ષા વ્યવસ્થા ચુસ્ત બનાવવામાં આવી છે. પ્રત્યેક સ્થળોએ સેનાના જવાનો ફરજ બજાવી રહ્યા છે. ચેકિંગ પોઈન્ટ્સ પર કડક સુરક્ષા બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. તમામ વાહનો અને અવરજવર કરતાં લોકોની તપાસ થઈ રહી છે. પહલગામની બૈસરન ઘાટીમાં મોટાપાયે સર્ચ ઓપરેશન હાથ ધર્યુ છે.

# જામનગરની સૈનિક સ્કૂલ બાલાચડી ખાતે પદગ્રહણ સમારોહ યોજાયો

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર, નેતૃત્વ અને જવાબદારીની ઉજવણી શૈક્ષણિક સત્ર ૨૦૨૫-૨૬ માટે જામનગરની સૈનિક સ્કૂલ બાલાચડીનો પદગ્રહણ સમારોહ શાળાના સભાગૃહમાં લશ્કરી પરંપરાઓની તર્જ પર ભવ્ય રીતે યોજાયો હતો.

મેજર જનરલ ગૌરવ બગ્ગા, જનરલ ઓફિસર કમાન્ડિંગ, ૧૧ રેપિડ (એચ) અને ચેરમેન, એલબીએ, સૈનિક સ્કૂલ બાલાચડી આ પ્રસંગે મુખ્ય મહેમાન હતા. તેમના આગમન પર સૈનિક સ્કૂલ બાલાચડીના આચાર્ય કર્નલ શ્રેયશ મહેતા દ્વારા મુખ્ય મહેમાનનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું અને શાળાના યુદ્ધ સ્મારક - શૌર્ય સ્તંભ પર પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. શાળાના કેડેટ્સે તેમને ગાર્ડ ઓફ ઓનર આપ્યું હતું. બાદમાં કેડેટ વૈષ્ણવી દ્વારા તેમને સેન્ડ મોડેલ પર શાળા અને તેની આસપાસના વિસ્તાર વિશે માહિતી આપવામાં આવી હતી જેની મુખ્ય મહેમાન દ્વારા ખૂબ પ્રશંસા કરવામાં આવી હતી.મુખ્ય મહેમાને વિવિધ શાળા નિમણૂકો અને હાઉસ કેપ્ટન માટે નામાંકિત કેડેટ્સને નિમણૂકો આપી. કેડેટ્સને સમયપાલન, શિસ્ત, નૈતિક મૂલ્યો, શિક્ષણ, રમતો અને રમતગમત, સકારાત્મક વલણ, નેતૃત્વના ગુણો વગેરે જેવા સર્વાંગી ગુણોના આધારે નિમણૂક આપવામાં આવી હતી જેથી તેઓ તેમના સાથી શાળાના મિત્રો માટે રોલ મોડેલ બની શકે. નવી નિમણૂકોને શાળાના નિયમો અને નિયમો પ્રત્યેની તેમની વફાદારી માટે શપથ લેવડાવવામાં આવ્યા હતા. નિમણૂક પામેલા કેડેટ્સ ગૃહોમાં વિવિધ અભ્યાસક્રમ અને સહ-અભ્યાસક્રમ પ્રવૃત્તિઓનું ધ્યાન રાખશે અને શાળાના સુગમ સંચાલનમાં વહીવટને ટેકો આપશે. મુખ્ય મહેમાન દ્વારા તેમના સંબોધનમાં નવી નિમણૂકોને અભિનંદન આપવામાં આવ્યા હતા અને કેડેટ્સમાં નેતૃત્વના ગુણો કેળવવાની જરૂરિયાતનો પુનરોચ્ચાર કરવામાં આવ્યો હતો. તેમણે કેડેટ્સને તેમના સપના સાકાર કરવા માટે શાળામાં ઉપલબ્ધ સુવિધાઓ અને માળખાગત સુવિધાઓનો ઉપયોગ કરવાની સલાહ આપી હતી અને તેમને સશસ્ત્ર દળોમાં જોડાવા માટે નિષ્ઠાવાન, સત્યવાદી, શિસ્તબદ્ધ અને સમર્પિત બનવા માટે પ્રેરિત કર્યા હતા. તેમણે કેડેટ્સને અભ્યાસમાં ધ્યાન કેન્દ્રિત કરવાની સલાહ આપી હતી. તેમણે પોતાના ભાષણમાં ઉલ્લેખ કર્યો હતો કે પસારા લીડરથ પસારા લીડરથ બનાવે છે, આ સંદર્ભમાં તેમણે ધોરણ ૧૨ ના કેડેટ્સને તેમના જુનિયર અને અન્ય કેડેટ્સને હંમેશા પ્રોત્સાહિત કરવા વિનંતી કરી. તેમણે કેડેટ્સ અને શાળાના વિકાસ માટે સમર્પિત નિઃસ્વાર્થ સેવા માટે અધિકારીઓ અને સ્ટાફની પણ પ્રશંસા કરી. શાળા વતી આચાર્યએ મુખ્ય મહેમાનને સ્મૃતિચિહ્ન અર્પણ કર્યું. શાળા કેડેટ કેપ્ટન, કેડેટ શિવમ ગાવરે આભાર માન્યો.મુખ્ય મહેમાને કેડેટ્સ અને સ્ટાફ સાથે પણ વાતચીત કરી અને ત્યારબાદ તેમને સમગ્ર કેમ્પસનો નજારો માણવા પ્રવાસ કરાવવામાં આવ્યો. આ સમારંભ મેસમાં કેડેટ્સ અને સ્ટાફ સાથે બપોરનું ભોજન માણી પૂર્ણ થયો.







## જામનગર જિલ્લા પંચાયતના આયુર્વેદ વિભાગ દ્વારા પોષણ પખવાડિયાની ઉજવણી કરાઈ

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર.આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગર અને જિલ્લા આયુર્વેદ અધિકારી જામનગરના માર્ગદર્શન હેઠળ, જિલ્લા આયુર્વેદ શાખા, જિલ્લા પંચાયત જામનગર પોષણ પખવાડિયાની ઉજવણી કરવામાં આવી. આ પહેલ અંતર્ગત, જિલ્લાના ૮ આયુર્વેદ દવાખાનાઓ અને ૪ હોમિયોપેથી દવાખાનાઓએ સક્રિયપણે ભાગ લીધો.ઉજવણીના ભાગરૂપે, જામનગરના વિવિધ વિસ્તારોમાં આંગણવાડી કેન્દ્રો ખાતે વિશેષ પોષણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં નિયુક્ત કરાયેલા તબીબી અધિકારીઓએ આંગણવાડી કેન્દ્રના કુપોષિત બાળકો, ધાત્રી માતાઓ, સગર્ભા બહેનો અને કિશોરીઓની આરોગ્ય તપાસ કરી.તેમજ તપાસ દરમિયાન જરૂરિયાત મુજબ પોષણક્ષમ આયુર્વેદિક દવાઓનું વિતરણ કરવામાં આવ્યું, સાથે જ ઉપસ્થિત સૌને કુપોષણને દૂર કરવા માટે જરૂરી માર્ગદર્શન પણ આપવામાં આવ્યું.તેમજ આ અંગેની માહિતીપ્રદ પત્રિકાઓ અને બેનર દ્વારા લોકોને જાગૃત કરવામાં આવ્યા.આ ઉપરાંત, બાળકોમાં જોવા મળતી મેદસ્વીતાની સમસ્યાને દૂર કરવા માટે સ્વસ્થ જીવનશૈલી વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી. બાળકોને આરોગ્યપ્રદ અને પૌષ્ટિક નાસ્તાઓ વિશે જણાવતી પત્રિકાઓનું વિતરણ કરવામાં આવ્યું અને ઉપસ્થિત વાલીઓને તેમના બાળકોમાં મેદસ્વીતાને નિયંત્રિત કરવાના ઉપાયો સૂચવવામાં આવ્યા.આ કાર્યક્રમ જામનગર જિલ્લામાં તંદુરસ્ત સમાજ અને મેદસ્વીતા મુક્ત ગુજરાતના નિર્માણની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું સાબિત થયો.



## મોરબીના શોભેશ્વર રોડ ઉપરથી ઈકો કારમાં ૩૦૦ લીટર દેશી દારૂ પકડાયો, કાર-ચાલક કાર મૂકીને નાસી ગયો

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી બી ડિવિઝન પોલીસ નાઈટ રાઉન્ડ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન શોભેશ્વર રોડ ઉપર આવેલ બોયઝ હોસ્ટેલ નજીક દેશી દારૂ ભરેલ ઈકો કાર ઝડપી લેવામાં આવી છે, જેમાં ઈકો કારને દૂરથી રોકવાનો ઈશારો કરતા, ઈકો કાર ચાલક કાર ચાલુ રાખી, અંધારાનો લાભ લઈને બાવળની કાંટમાં નાસી ગયો હતો. ત્યારે પોલીસે કારની તલાસી લેતા તેમાંથી પ્લાસ્ટિકના અલગ અલગ બાચકામાંથી ૩૦૦ લીટર દેશી મળી આવ્યો હતો, હાલ પોલીસે દેશી દારૂ તથા ઈકો કાર સહિત રૂ.૫.૬૦ લાખનો મુદ્દામાલ કબ્જે લઈ, કાર ચાલકને ફરાર દર્શાવી આગળની તપાસ ચલાવી છે.

મળતી માહિતી અનુસાર, મોરબી બી ડિવિઝન પોલીસ ટીમ ગત રાત્રીના નાઈટ રાઉન્ડ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન શોભેશ્વર રોડ ઉપર ડૉ. બાબાસાહેબ આંબેડકર બોયઝ હોસ્ટેલ નજીક કાચા રસ્તેથી આવતી ઈકો કારને દૂરથી રોકવાનો ઈશારો કર્યો હતો, જેથી ઈકો કાર ચાલકે પોતાની કાર દૂર ઉભી રાખી, અંધારાનો લાભ લઈને બાવળની કાંટમાં પલાયન થઈ ગયો હતો બીજીબાજુ, પોલીસે ઈકો કાર રજી.નં. જીજે-૧૩-સીડી-૪૭૩૬ ની અંદર તલાસી લેતા, કારમાંથી દેશી દારૂનો ૩૦૦ લીટરનો જથ્થો કિ.રૂ.૬૦,૦૦૦/- મળી આવ્યો હતો, જેથી પોલીસે આરોપી નાસી ગયેલ ઈકો કાર ચાલકને ફરાર દર્શાવી, દેશી દારૂ તથા ઈકો કાર સહિત રૂ.૫.૬૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરી આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## વાંકાનેરના ભલગામ નજીકથી બે કારમાંથી દેશી દારૂ સાથે ૬ ઝડપાયા

**■ વાહન અને ૬.૭૦ લાખની મતા કબજે લઈ કાર્યવાહી શરૂ**

**મુખ્ય સમાચાર,મોરબી**

વાંકાનેર ભલગામ ગામની સીમમાં કાચા રસ્તેથી પોલીસે બે કારમાં ૬૦૦ લિટર દેશી દારૂની હેરાફેરી કરનાર છ ઈસમોને ઝડપી લઈને ૬.૭૦ લાખનો મુદામાલ જપ્ત કર્યો છે દારૂનો જથ્થો મંગાવનાર ઈસમનું નામ ખુલતા વધુ તપાસ ચલાવી છે. બનાવની જાણવા મળતી માહિતી અનુસાર તાલુકા પોલીસ ટીમે ભલગામ ગામની સીમમાં નર્મદા કારખાનાથી આગળ ચામુંડાનગર તરફ કાચા રસ્તે રેડ કરી હતી



જ્યાં આરોપી રાજુ દુદુભાઈ જળુની કાર જીજે ૦૧ આરજી ૨૦૪૩ અને આરોપી વિહાભાઈ માધાભાઈ સાપરાની બોલેરો જીજે ૦૩ બીટી ૦૯૬૩ વાળીમાં દેશી દારૂ ૬૦૦ લિટરની હેરાફેરી કરતા મળી આવ્યા હતા જેથી પોલીસે દેશી દારૂ ૬૦૦ લિટર અને બે કાર સહિત કુલ રૂ ૬.૭૦ લાખનો મુદામાલ જપ્ત કર્યો હતો. પોલીસે સ્થળ પરથી આરોપી રાજુભાઈ જળુ, વિહાભાઈ સાપરા, દેશી દારૂની હેરાફેરી માટે મજુરી કામે આવેલ નસુખ ઉર્ફે ટાલો ગણાદીયા, ભગવાન સરવૈયા, વીનું સરવૈયા અને રાજુ ગણાદીયા એમ છને ઝડપી લીધા છે. દારૂનો જથ્થો મંગાવનાર આરોપી સંજય ઉર્ફે દલો મકવાણા રહે નાળીયેરી તા. ચોટીલા વાળો હાજર મળી આવ્યો ન હતો જેથી ગુનો નોંધી તપાસ ચલાવી છે.

## ઉનાના નલીયા માંડવી ગામે ખુન કરી મૃતદેહની દફનવિધિ કરવાના બનાવમાં આરોપીને ગણતરીની કલાકોમા પકડી પાડતી નવાબંદર મરીન પોલીસ

**મુખ્ય સમાચાર,અબ્દુલ પઠાણ ઉના**

ઉના નવાબંદર મરીન પો.સ્ટે.ના નલીયા માંડવી ગામે મુસ્લીમ સમાજના કબ્રસ્તાનમા બપોરના બારેક વાગ્યાના સમયે ગામના જ હનીફ જમાલ શેખના મૃતદેહની દફનવિધિ કરવામાં આવેલ અને તેની મૈયતની વિધિ ગામમા ચાલુ હતી તે દરમ્યાન મૃત જાહેર થયેલ હનીફનો નાનો ભાઈ ઈબ્રાહીમ જમાલભાઈ શેખ તથા તેના કાકા રહેમાનભાઈ તથા હનીફ ગનીભાઈ સુમરાનાઓ નવાબંદર મરીન પો.સ્ટે. આવેલ અને ઈબ્રાહીમભાઈએ જણાવેલ કે, તેનો મોટોભાઈ હનીફ કારણ વગર ઘરમાં ગાળો આપી કજીયો કંકાસ કરતો હોય ગઈ તા.૨૦/૦૪/૨૦૨૫ ના સાંજના સાડા સાતેક વાગ્યે તેમના ઘરના સભ્યો હાજર હતા તે દરમ્યાન આ મોટોભાઈ હનીફ જુના ઘરે આવેલ અને જેમ ફાવે તેમ ગાળો આપવા લાગેલ જેથી તેને સમજાવી જુના ઘરે સુવડાવી દીધેલ અને કુટુંબના બીજા સભ્યો પોતાના નવા મકાને સુવા જતા રહેલ બાદમા તા.૨૧/૦૪/૨૦૨૫ ના સવારના સાડા આઠેક વાગ્યે જુના ઘરે મકાનની બહાર તેનો ભાઈ જાવીદ ઉભો હોય અને મકાનની અંદર હનીફ પડેલ હોય જાવીદને પુછતા કહેલ કે, હનીફ કુહાડી લઈને માથાકુટ કરવા સવારમાં આઠ વાગ્યે આવેલ અને તેની સાથે ઝપાઝપી થયેલ તે દરમ્યાન હનીફ પડી જતા તેના હાથમા કુહાડી હોય જે ગરદનના ભાગે વાગી જતા સગા સબંધીઓ દ્વારા દવાખાને લઈ જતા હતા. તે દરમ્યાન દેલવાડા ચોકડીએ પહોંચતા હનીફ મરણ ગયેલ જેથી ત્યાંથી ઘરે આવીને સગા સબંધી તથા ગામના લોકોને હનીફભાઈની દફનવિધિ કબ્રસ્તાનમાં કરેલ બાદમા તેના ભાઈ જાવીદે વાત કરેલ કે, નવા મકાનેથી સવારે તે ઘરે આવેલ ત્યારે હનીફ કુહાડી સાથે આવી બોલાચાલી કરી ઝગડો કરવા લાગેલ તે દરમ્યાન હનીફ તેને કુહાડીથી મારવા જતા તેના હાથમાંથી કુહાડી



જટી લઈ તેણે હનીફના માથાના પાછળના ભાગે મારી દેતા હનીફ નીચે પડી ગયેલ પોતે ગભરાય ગયેલ હોવાથી સવારમાં ખોટી વાત કરેલ તે મુજબ નવાબંદર મરીન પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૮૬૦૦૩૨૫૦૩૭૦/૨૦૨૫ બી.એન.એસ. કલમ - ૧૦૩(૧), તથા જી.પી.એક્ટ - ૧૩૫ મુજબ ગુન્હો દાખલ કરવામાં આવેલ આ કામે પોલીસને મળેલ બાતમીના આધારે સદરહુ બનાવ સવારના આઠેક વાગ્યાનો હોય અને મરણજનારની દફનવિધિ બપોરના બાર વાગ્યાની આસ - પાસ થયેલ હોય પોલીસ દ્વારા મરણજનારના મૃતદેહને કબરમાંથી બહાર કઢાવી ફોરેન્સીક પી.એમ. કરાવી આરોપી પકડવા માટે અલગ અલગ ટીમો બનાવવામાં આવેલ આરોપીનું જાવીદભાઈ જમાલભાઈ શેખ ઉ.વ.૩૪ ધંધો રીક્ષા ડ્રાઈવીંગ રહે. નાલીયા માંડવી પકડી પાડી અને તેના પર કાયદેસર કાર્યવાહી કરી

## મોરબીના નાની વાવડી ગામે યુવકની થયેલ હત્યામાં બે ઈસમો વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ

### ઉછીના પૈસા પરત ન આપતા, બે મિત્રોએ ભેગા મળી યુવકનું કાસળ કાઢ્યું

**મુખ્ય સમાચાર,મોરબી**

નાની વાવડી ગામે તળાવની પાળ નજીક ૩૭ વર્ષીય યુવકની હત્યા કરેલ હાલતમાં મળી આવેલ લાશ મામલે મૃતકના પિતાએ ગામના જ બે મિત્રોએ ઉછીના રૂપિયા પરત ન આપતા તેમના દિકરાની હત્યા કર્યાના આક્ષેપ સાથે, તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા, પોલીસે બન્ને હત્યારાઓ વિરુદ્ધ બીએનએસ કલમ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, મોરબીના નાની વાવડી ગામે ગઈકાલ તા.૨૨/૦૪ના રોજ તળાવની પાળ પાસે વાવડી ગામે રહેતા દીપકભાઈ ભાણજીભાઈ મકવાણા ઉવ.૩૭ ની હત્યા કરાયેલ હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો, જે બનાવ બાદ પોલીસ ઘટના સ્થળે પહોંચી મૃતદેહને મોરબી સરકારી હોસ્પિટલ ખાતે ખસેડાયો હતો, જ્યાંથી ફોરેન્સિક પીએમ અર્થે મૃતદેહને રાજકોટ મોકલવામાં આવ્યો હતો, ત્યારે ફોરેન્સિક પીએમના અહેવાલમાં મૃતક દીપકભાઈને માથામાં બોથડ પદાર્થ મારી તેની હત્યા થઈ હોવાનું સ્પષ્ટ કરવામાં આવ્યું હતું.

ત્યારે હત્યાના બનાવ અંગે મૃતકના પિતા ભાણજીભાઈ મોતીભાઈ મકવાણા ઉવ.૭૫ એ તાલુકા પોલીસ મથકમાં આરોપી હેમંતભાઈ પ્રેમજીભાઈ સોલંકી તથા આરોપી ગૌતમભાઈ હીરાભાઈ ઉભડીયા બન્ને રહે. નાની વાવડી વાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી, જે ફરિયાદમાં જણાવ્યા અનુસાર, હાલ ભાણજીભાઈ નિવૃત્ત જીવન જીવી રહ્યા છે અને તેમના પત્નીનું સાત વર્ષ અગાઉ અવસાન થયું હતું. તેમના દીકરા મૃતક દિપકભાઈ કડીયાકામ કરતા હતા અને પરિવારના ગુજરાન માટે એકમાત્ર આધાર હતા. હાલમાં તેમના નાના દીકરા વસંતભાઈ પણ માનસિક અને શારીરિક રીતે અશક્ત હોવાથી સારવાર હેઠળ છે.

ગઈ તા.૨૧ એપ્રિલના રોજ દિપકભાઈ સવારે તેમના રોજિંદા કામે ગયેલા અને ભાણજીભાઈ તેમના દીકરા વસંતભાઈ સાથે સરકારી હોસ્પીટલમાં સારવાર માટે ગયા હતા. ત્યારે રાત્રીના મૃતક દિપકભાઈના મોબાઈલ પરથી હેમંત સોલંકી દ્વારા ફોન કરી કહ્યું હતું કે મારે અને મારા મિત્ર ગૌતમને તમારા દીકરા દીપક પાસે ઉછીના આપેલ રૂપિયા લેવાના છે, અત્યારે તમારો દીકરો અમારી પાસે છે, જો તે પૈસા પાછા નહિ આપે તો તમારા દીકરાની હત્યા કરી નાંખશું તેવી ધમકી આપી હતી. જે બાદ, ૨૨ એપ્રિલે સવારે દિપકભાઈની હત્યા કરાયેલ લાશ ગામના તળાવની પાળ નીચે મળી આવી હતી. હાલ મોરબી તાલુકા પોલીસે બન્ને આરોપીઓ વિરુદ્ધ હત્યાની કલમો હેઠળ ગુનો નોંધી, આરોપીઓની અટકાયત કરવા સહિતની આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# જામનગર મહાનગરપાલિકાની સ્ટેન્ડીંગ કમિટીમાં રૂ. ૫૮.૧૧ કરોડના વિકાસ કામોની દરખાસ્તો મંજૂર

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર મહાનગરપાલિકાની મળેલી સ્ટેન્ડગ કમિટીની બેઠકમાં રૂપિયા ૫૮ કરોડ ૧૧ લાખના વિવિધ ખર્ચને મંજૂરી આપવામાં આવી જ્યારે શહેરના નિર્મણાધીન ફલાયઓવર બ્રિજમાં સ્ટાર રેટ ચૂકવવામાં વધુ રૂપિયા ૩૩ લાખ ૭૮ હજારના ખર્ચને મંજુર કરાયો હતો. જ્યારે અંબર સિનેમા તરફના સ્લોપ ને હાલ પૂરતો મુલત્વી રાખવા નિર્ણય લેવાયો હતો.જામનગર મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠક ચેરમેન ના અધ્યક્ષ સ્થાને મળી હતી. તેમાં કુલ ૧૧ સભ્યો ઉપરાંત મેયર વિનોદભાઈ ખીમસૂર્યા, કમીશનર ડી.એન.મોદી, ડે. કમિશનર દેવેન્દ્રસિંહ ઝાલા, સીટી એન્જીનિયર ભાવેશભાઈ જાની, ઈચા. આસી. કમીશનર ટે.જીજ્ઞેશ નિર્મલ વગેરે હાજર રહ્યા હતા.સાત રસ્તા સર્કલથી દિગ્મામ સર્કલમાં સેન્ટ્રલ લાઈટીંગ સ્ટ્રેન્ધનીંગ વર્ક અન્ય સ્થળે ફેરબદલ કરવા અંગે દરખાસ્ત મંજૂર કરવામાં આવી હતી અને હવે આ કામ રોઝી પેટ્રોલ પંપથી સત્યમ કોલોની અન્ડર બ્રિજ સુધી કરવામાં આવશે.જામનગર મહાનગર સેવા સદનની લાઈટ શાખાની મેઈન્ટેનન્સ કામગીરી માટે ઈલેકટ્રીક લાઈટ આઈટમ ખરીદ કરવા ના વાર્ષિક રેઈટ કોન્ટ્રાકટ અન્વયે રૂ. ૩૦ લાખ, જામનગર મહાનગરપાલિકાના જુદા-જુદા ઈન્ફ્રાસ્ટ્રક્ચર વર્ક માટેના કન્સલ્ટન્ટ એમ્પેનલમેન્ટ કરવાનું કામ અંગે કમીશનરની દરખાસ્ત અન્વયે પ્રોજક્ટની રકમ અનુસાર અલગ-અલગ કેટેગરીમાં નિયત થયેલ કન્સલટન્સી ચાર્જ ચુકવવા અંગેની દરખાસ્ત મંજુર કરવામાં આવી હતી.જામનગર શહેરના રોડના પોટહોલને કોલ્ડ ઈમલસન ઈન્જેકશન પોટહોલ પેચીંગ મશીન મીકેનીકલ મેથડ થી રીપેર કરવાનું કામ અંગે રૂ. ૧૨૧.૪૨ લાખનું ખર્ચ મંજુર કરાયું હતું. જામનગર મહાનગરપાલિકા હદ વિસ્તારમાં રે.સ.નં.૨૭૭ તેમજ વિભાપર ગામના જુદા-જુદા સર્વે નંબર જોડતો બ્રીજ રંગમતી નદી પર બનાવવાના કામ માટે રૂ. ૨૬૭.૩૬ લાખ મંજુર કરવામાં આવ્યા હતા.સાત રસ્તા સર્કલથી સુભાષચંદ્ર બોઝના સ્ટેચ્યુ સુધી ફલાયઓવર બ્રીજ બનાવવાના કામે ટેન્ડર કલોઝ તથા રાજય સરકારના જી.આર. મુજબ સ્ટાર રેઈટ, જી.એસ.ટી. ડીફરન્સ અને પ્રાઈઝ એસ્કેલેશન મંજુર કરવા અંગે કમીશનરની રજુ થયેલ દરખાસ્ત અન્વયે રૂ. ૩૩૭૮.૩૦ લાખ મંજુર કરવા માં આવ્યા હતા. આ ઓવર બ્રીજ અન્વયે અંબર જંક્શન પાસે જે રેમ્પ બનાવવાનો થાય છે. અને ડીઝાઈન મુજબ જે પ્રોવીઝન કરેલ છે. તે રદ કરવાને બદલે આ બાબતે રેલ્વે સાથે કરવામાં આવેલ પત્ર વ્યવહાર અન્વયે રેલ્વે વિભાગ તરફથી જમીન ઉપલબ્ધ થયે આ રેમ્પ બનાવવા અંગે ની કાર્યવાહી હાથ ધરવાની રહેશે અને હાલે આ કામ મુલત્વી રાખવા નિર્ણય લેવાયો હતો.સપ્લાય ઓફ ૧૦૦ થી ૩૦૦ એમ.એમ. ડાયા કે-૭ કલાસ ડી.આઈ. સી.એલ.પાઈપ્સ.વીથ રબ્બર ગાસ્કેટ.કન્ફર્મીંગ ટુ આઈ.એસ. બીયરીંગ એન્ડ સુટેબલ ફોર પુશ ઓન જોઈન્ટસના ૧ વર્ષ ના કામ અંગે રૂ. ૪૯૫.૫૫ લાખ, મહાપ્રભુજીની બેઠક ઝોન વિસ્તારમાં સ્ટ્રેનધનીંગ એન્ડ અપગ્રેડેશન ઓફ એકઝીસ્ટીંગ વોટર પાઈપ લાઈન નેટવર્ક તથા નવી આર.સી.સી.બિક મેશનરી વાલ્વ ચેમ્બર બનાવવાના ૨ વર્ષ માટે કામ અંગે રૂ.૨૧.૫૫ લાખ, નવાગામ ઘેડ ઝોન વિસ્તારમાં સ્ટ્રેન્ધનીંગ એન્ડ અપગ્રેડેશન ઓફ એકઝીસ્ટીંગ વોટર પાઈપ લાઈન નેટવર્ક તથા નવી આર.સી.સી.બિક મેશનરી વાલ્વ ચેમ્બર બનાવવાના ૨ વર્ષ માટે કામ અંગે રૂ. ૨૪.૦૮ લાખ, જ્ઞાનગંગા ઝોન વિસ્તારમાં સ્ટ્રેન્ધનીંગ એન્ડ અપગ્રેડેશન ઓફ એકઝીસ્ટીંગ વોટર પાઈપ લાઈન નેટવર્ક તથા નવી આર.સી.સી. બિક મેશનરી વાલ્વ ચેમ્બર બનાવવાના ૨ વર્ષ માટે કામ અંગે રૂ. ૨૨.૯૭ લાખ , શહેર ઝોન - ૨ માં જુદી જુદી ડી.આઈ. પાઈપ લાઈન નાખવાના કામે અન્વયે રૂ. ૧૯.૪૮ લાખ નો ખર્ચ મંજુર કરાયો હતો. જામનગર મહાનગરપાલિકા સંચાલિત સ્પોર્ટસ કોમ્પલેક્ષમાં આવે સ્વીમીંગ પુલના કોમ્પ્રેહેન્સીવ ધોરણે ઓપરેશન એન્ડ મેઈન્ટેનન્સ કરવાના કામ અંગે રૂ. ૪.૯૭ લાખ, શહેર ઝોન-૨ માં જુદી જુદી ડી.આઈ. પાઈપ લાઈન નાંખવાના મજુરી કામના ૨ બે વર્ષ માટે રૂ. ૭૭.૩૧ લાખ મંજુર, શહેર ઝોન-૧ માં જુદી જુદી ડી.આઈ. પાઈપ લાઈન નાખવાના મજુરી કામના ૨ બે વર્ષના કામ અંગે રૂ. ૭૮.૦૫ લાખ, જામનગર શહેરના ઝોન - ૧ વિસ્તારમાં સ્ટ્રેન્ધનીંગ એન્ડ અપગ્રેડેશન ઓફ એકઝીસ્ટીંગ વાલ્વ રીપેરીંગ કરવાના કામ અન્વયે બીજા વર્ષનું ખર્ચ રૂ. ૭.૩૫ લાખની મંજુર રાખવામાં આવ્યું હતું. જામનગર શહેરના ઝોન - ૨ વિસ્તાર માં અપગ્રેડેશન ઓફ એકઝીસ્ટીંગ વાલ્વ રીપેરીંગ કરવાના કામ અંગે બીજા વર્ષનું ખર્ચ રૂ. ૪.૨૦ લાખ મંજુર કરાયું હતું.આંતરમાળખાકીય સુવિધાની વર્ષ ૨૦૨૪-૨૫ વોર્ડ નં. ૨ મોમાઈનગર શેરી નં. ૧, ૨, ૩ અને ૪ થી શાળા નં. ૪૦ની બાજુમાં આવેલ કેનાલ સુધી સ્ટ્રોમ વોટર ડ્રેનેજ બનાવવાના કામ અંગે રૂ. ૪૨.૭૭ લાખના ખર્ચને મંજૂરી આપવામાં આવી હતી.સિવિલ નોર્થ ઝોન (વોર્ડ નં. ૩) વિસ્તારમાં ખાનગી સોસાયટીઓમાં, ગુજરાત હાઈસીંગ બોર્ડની વસાહતોમાં તથા અન્ય રહેણાંક વિસ્તારોમાં લોકભાગીદારીથી માળખાકીય સુવિધાઓની વિકાસની યોજના અંતર્ગત સી.સી. રોડ/સી.સી. બ્લોક (પેવર બ્લોક)ના કામની દરખાસ્ત પેન્ડીંગ રાખવામાં આવી હતી.સીવીલ નોર્થ ઝોન (વોર્ડ નં. ૪) વિસ્તારમાં ખાનગી સોસાયટીઓમાં, ગુજરાત હાઈસીંગ બોર્ડની વસાહતોમાં તથા અન્ય રહેણાંક વિસ્તારોમાં લોકભાગીદારીથી માળખાકીય સુવિધાઓની વિકાસની યોજના અંતર્ગત સી.સી. રોડ.સી.સી. બ્લોડ (પેવર બ્લોક)ના કામ અંગે રૂ. ૧૦૦ લાખનું ખર્ચ, વોર્ડ નં. ૨ મચ્છરનગર માં બાપા સીતારામની મઢુલીથી મોમાઈનગર થઈ ગાંધીનગર હરીઓમ પાન થઈ ઈચ્છેશ્વર મહાદેવનું મંદિર થઈ ખોડીયાર હોલની બાજુમાં આવેલ પુલીયા સુધી સી.સી. રોડના કામ અંગે રૂ. ૧૪૦.૮૦ લાખ નું ખર્ચ, વોર્ડ નં. ૨માં ધરારનગર-૨ બાપા સીતારામની મઢુલી થી શહીદી હોટલ થઈ ને દાતારી પાન સુધી સી.સી. રોડના કામ અંગે રૂ. ૭૫.૨૦૭ લાખના ખર્ચને મજુરી આપવામાં આવી હતી.મિકેનીકલ પાવર વેકયુમ સકશન બેઝડ લીટર પીકર મશીન (નંગ-૩) સપ્લાય તથા ૩ વર્ષ



ના ઓપરેશન એન્ડ મેઈન્ટેનન્સ સહિતના કામ અંગે કમિશ્નર ની દરખાસ્ત અન્વયે રૂ. ૫૦૪.૮૯ લાખ મંજુર કરવામાં આવ્યા હતા.સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા હસ્તકના અલગ-અલગ ઢોર ડબાઓમાં સુકો ઘાસચારો સપ્લાય કરવાના કામ અંગે રૂ. ૯૦ લાખ અને અન્ય વધુ એક દરખાસ્ત અન્વયે રૂ.૩૦૦ લાખ નો ખર્ચ મંજૂર કરાયો હતો. જામનગર મહાનગરપાલિકાના મુખ્ય વહીવટી ભવન માં એકસ આર્મીમેન ગાર્ડ તથા મહિલા ગાર્ડ ની સેવાઓ તા. ૦૧-૦૪-૨૦૨૫ થી તા. ૩૦-૦૬-૨૦૨૫ સુધી મુદત લંબાવવા તથા વધારાના ખર્ચ અંગે રૂ. ૫ લાખનું ખર્ચ મંજુર કરવામાં આવ્યું હતું.જામનગર શહેરમાંથી પસાર થતી રંગમતી નદીના રીવર રેજુવનેશન બાબતે વાહનો ભાડે રાખવાની દરખાસ્તની સૈદ્ધાંતિક સ્વીકાર કરવામાં આવ્યો હતો. આમ આજની બેઠક મા કુલ રૂ. રૂ. ૫૮ કરોડ ૧૧ લાખના ખર્ચની જુદી જુદી દરખાસ્તોને મંજૂરી આપવામાં આવી હતી.

# કાલે સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છમાં ધર્મોલ્લાસ સાથે ઉજવાશે શ્રી મહાપ્રભુજી પ્રાગટ્ય મહોત્સવ

## રાજકોટમાં સમસ્ત વૈષ્ણવસમાજ દ્વારા કાલે શોભાયાત્રાનું આયોજનઃ જામખંભાળિયા, જેતપુર, ભાવનગર, પાલીતાણા સહિતના ગામો શહેરોમાં વિવિધ ધાર્મિક અનુષ્ઠાનો યોજાશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

આવતીકાલે રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છમાં જગદગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના ૫૪૮માં પ્રાકટ્ય મહોત્સવની અનેરા ધર્મોલ્લાસ સાથે ઉજવણી થશે.આ પ્રસંગે વરણાંગી, પ્રભાત ફેરી, વધાઈ કીર્તન, રાજભોગ, મહાસત્સંગ સહિતનાં આયોજનો કરવામાં આવેલ છે.

રાજકોટઃ-રાજકોટમાં સમસ્ત વૈષ્ણવ સમાજ દ્વારા આવતીકાલે સાંજે દરબારગઢ હવેલીથી ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં રાજકોટમાં બિરાજતા સર્વ વલ્લભકુળના બાબતે ઉપસ્થિત રહેનાર છે. સત્સંગ સહિતના આયોજનો કરાયા છે.

પાલીતાણાઃ- વલ્લભાચાર્ય મહાપ્રભુજીના પ્રાગટય ઉત્સવની ઉજવણી અંતર્ગત વી.વાય.ઓ.પાલિતાણાની ત્રણેય વીંગ દ્વારા તા.૨૪ને ગુરૂવારે સવારે ૬.૩૦ કલાકે મુરલીધરજીની નાની હવેલીએથી પ્રભાત ફેરીનું આયોજન કરાયું છે. દરેક વૈષ્ણવ ભાઈઓ બહેનોને આ પ્રભાતફેરીમાં જોડાવા અનુરોધ કરેલ છે. પ્રભાતફેરી મુરલીધરજીની હવેલીએથી પ્રસ્થાન કરીને મેઈન બજાર દાણાપીઠમાં થઈને સરાણીયા બજારમાંથી શ્યામલાલજીની હવેલીએ જશે.

ત્યાં મંગળા આરતીના દર્શન કરીને બંન્ને હવેલીએ ધોતી, ઉપરણા, નાળીયેર અને સાકરનો પડો શ્રી મહાપ્રભુજીને ધરાશે.બંન્ને હવેલીએ રાજભોગ થશે.સાંજના કાર્યક્રમમાં વીવાયઓની કમીટીના મેમ્બરો, વીવાયઓ સત્સંગનાં વૈષ્ણવો માટે ભગિની મિત્ર મંડળ સર્વોદય સોસાયટીમાં ભોજન મહાપ્રસાદનું આયોજન સાંજે ૭ થી ૯ સુધી કરેલ છે. બાદ તે જ સ્થળ રાત્રીના ૯.૩૦ કૌશીકભાઈ દેવલુકના કલાવુંદો દ્વારા સત્સંગનું પણ આયોજન છે.

ભાવનગરઃ-આગામી ૨૪ એપ્રિલ ગુરુવારે સરદારનગર સ્થિત નંદાલય હવેલી પર ઉત્સવ સંકલ્પ ભાવનગર વૈષ્ણવ સમાજ આયોજિત જગદગુરુ શ્રીમદ્ વલ્લભાચાર્યજી શ્રીમહાપ્રભુજી ના પ્રાગટ્યોત્સવના ઉપલક્ષમાં પૂ. નવનીતલાલજી મહારાજશ્રીની આજ્ઞા તથા પૂ. આનંદબાવાશ્રીના માર્ગદર્શન હેઠળ વિવિધ ધાર્મિક કાર્યક્રમો તથા શ્રી છબિલાજી પ્રભુ ના અલૌકિક મનોરથનું આયોજન થયેલ છે.

આયોજન અંતર્ગત ગુરુવારે સવારે ૬.૩૦ વાગે પૂ. શ્રીવલ્લભકુલ આચાર્યોના પાવન સાનિધ્યમાં ડંકા નિશાન તથા કીર્તન મંડળી સાથે પ્રભાતફેરી નીકળશે તથા નંદાલય હવેલી ની પ્રદક્ષિણા થશે ત્યારબાદ હવેલી પર પૂજ્ય આચાર્યચરણના સાનિધ્યમાં સમૂહપાઠ ગાન તથા મંગલા આરતી ના દર્શન થશે.

સવારે ૧૧ વાગે ફૂલ મંડળી તથા શ્રીછબીલાજી પ્રભુના એવમ શ્રી પાદુકાજીતિલકના દર્શન થશે.સાંજે ૫ થી ૧૦ દરમિયાન અત્રે નંદાલય હવેલી પર ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ નું આયોજન



થયેલ છે. સાંજે ૫.૩૦ વાગે પૂજ્ય આનંદ બાવાશ્રી ના આશીર્વચન, પાઠશાળા ના બાળકો દ્વારા મંગલા ચરણ તથા ઈનામ વિતરણ થશે. ત્યારબાદ પૂજ્ય વલ્લભકુલ આચાર્ય ના પાવન સાનિધ્ય માં ડંકા નિશાન કીર્તન મંડળી સાથે શ્રી મહાપ્રભુજી ના સ્વરૂપ ને સુશોભિત બગી માં પધરાવી ભવ્ય શોભાયાત્રા નીકળશે ત્યારબાદ કીર્તન ક્લાસ ના વૈષ્ણવો દ્વારા વધાઈ કીર્તન, નંદ મહોત્સવ તથા શ્રીછબીલાજી પ્રભુના શીતલ કુંજ મનોરથના દર્શન થશે.

સમગ્ર આયોજનમાં જોડાવા નંદાલય હવેલી ઉત્સવ સંકલ્પ સમિતિ તરફથી સર્વે વૈષ્ણવો ને હાર્દિક આમંત્રણ પાઠવાયુ છે.

જેતપુરઃ- જગદગુરુ શ્રી વલ્લભાચાર્ય સંપ્રદાય શ્રી મોટી હવેલી જેતપુર ની ઉત્સવ સમિતિ દ્વારા શ્રીમદ વલ્લભાચાર્યચરણ પ્રાકટ્ય મહોત્સવની ઉજવણીની તડામાર તૈયારીઓ પૂજ્ય પાદ ગોસ્વામી બાલકૃષ્ણલાલજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં તેમજ પૂજ્ય જેજેશ્રી પ્રિયાંકરાયજી મહોદયના માર્ગદર્શન હેઠળ થઈ રહી છે.

હવેલી ઉત્સવ સમિતિ તેમજ ખઢખ ફાઉન્ડેશન દ્વારા આયોજીત આ ઉજવણીની મળેલી માહિતી મુજબ સંવંત ૨૦૮૧ ચૈત્ર વદ ૧૧ ને ગુરૂવાર તા.૨૪-૪ના રોજ અખંડ ભૂમંડલાચાર્ય જગદગુરુ શ્રી વલ્લભાચાર્યજીના ૫૪૮ માં પ્રાકટ્ય મહોત્સવની ભવ્ય ઉજવણી થશે. જેમાં શ્રી વલ્લભાચાર્ય વંશાવતંશ નિ.લિ.ગો ૧૦૦૮ શ્રી વ્રજભૂષણલાલજી મહારાજશ્રીના આત્મજ પરમ પૂજ્ય ગો.૧૦૮ શ્રી બાલકૃષ્ણલાલજી મહારાજશ્રી તેમજ પરમ પૂજ્ય જેજેશ્રી પ્રિયાંકરાયજી મહોદયશ્રી બિરાજમાન થશે. ઉત્સવના આગલા ત્રણ દિવસ ચૈત્ર વદ ૭,૮,૯ તા.૨૦,૨૧,૨૨-૪-૨૦૨૫ દરમિયાન ત્રિ-દિવસીય ભાગવત અધ્યયન સત્ર કાર્યક્રમ રાખેલ છે. ઉપરાંત ચૈત્ર વદ ૧૦ને બુધવારના તારીખ ૨૩-૪-૨૦૨૫ ના રોજ સાંજે ૪ કલાકે શ્રી વલ્લભાષ્ટકમ ના ૧૦૮ પાઠ તેમજ સાંજે ૬ કલાકે જનાના વિભાગમાં બહેનો દ્વારા કાર્યક્રમો થશે.

# રાજકોટમા લોકમેળો અટલ સરોવર વિસ્તારમાં યોજાઈ તેવી સંભાવના



રાજકોટ નો પ્રખ્યાત સાતમ આઠમ નો લોકમેળો સ્માર્ટ સીટી વિસ્તાર અટલસરોવર આસપાસ યોજાય તેવી શક્યતાઓ સેવાઈ રહી છે રેસકોર્સ રિંગ રોડ વિસ્તાર આસપાસ રહેતા લોકો દ્વારા ધારાસભ્ય દર્શિતાબેન શાહ તેમજ કલેકટરને કરવામાં આવેલી રજુઆત ને લઈને લોકમેળાનું સ્થળબદલાઈ શકે છે આ અંગે ધારાસભ્ય ડો દર્શિતાબેન શાહે જણાવ્યું હતું કે રેસકોર્સ વિસ્તારમાંથી ટ્રાફિક, પાર્કિંગ,ગંદકી ને લગતા પ્રશ્નો વિશે વારંવાર લોકોની ફરિયાદ આવતા આ અંગે રજૂઆત દર્શિતા બેન દ્વારા કરાઈ હતી આ રજુઆત ને ધ્યાને લઈને સ્માર્ટ સીટી અટલ સરોવર નજીક મેળા ને પરવાનગી અપાય તેવી શક્યતાઓ છે જોકે વહીવટી તંત્ર દ્વારા રાજકોટની આજુબાજુના વિસ્તારમાં લોકમેળો ક્યાં યોજાઈ શકે તે વિશે સર્વે ચાલી રહ્યો છે ટૂંક સમયમાં આ અંગે નિર્ણય લેવાશે

# શેમારૂમી પર આ વર્ષની સૌથી મોટી બ્લોકબસ્ટર ઉંબરોનો પ્રીમિયર – સાત મહિલાઓની દિલને સ્પર્શતી કહાની

## ઉંબરોનો વર્લ્ડ ડિજિટલ પ્રીમિયર ૨૪ એપ્રિલે, માત્ર શેમારૂમી પર

**મુખ્ય સમાચાર,રાજકોટ**

આ એપ્રિલ, ગુજરાતના અગ્રણી ઓટીટી પ્લેટફોર્મ શેમારૂમી પર આવી રહી છે એક ખાસ અને દિલને સ્પર્શતી વાર્તા – ઉંબરો હાસ્ય, પરિવર્તન અને આત્મ-શોધથી ભરપૂર, ઉંબરો એક એવી અનમોલ યાત્રા છે, જે દર્શકોના હૃદયને સ્પર્શશે. ફિલ્મનો વર્લ્ડ ડિજિટલ પ્રીમિયર ૨૪ એપ્રિલ ૨૦૨૫થી માત્ર શેમારૂમી પર થશે.

રાષ્ટ્રીય એવોર્ડ વિજેતા દિગ્દર્શક અભિષેક શાહ દ્વારા નિર્મિત ઉંબરો (અર્થાત્ નસ્રદહેલીઝસ્રસ્ર) એક ગુજરાતી કોમેડી-ડ્રામા છે, જેમાં જીવનના અલગ અલગ ક્ષેત્રમાંથી આવેલી સાત મહિલાઓની સુંદર કહાની છે. આ મહિલાઓ પોતાના જીવનમાં પ્રથમ વખત એક આંતરરાષ્ટ્રીય પ્રવાસ પર, લંડન જાય છે. આ યાત્રા માત્ર ભ્રમણ પૂરતી નથી રહેતી – તે તેમની આત્મ-શોધ, ભયોની દહેલીઝ પાર કરવી અને જીવનને પોતાનાં નિયમોથી જીવવાની આજાદી તરફ લઈ જાય છે. સામાન્ય રીતે શરૂ થતી આ યાત્રા અંતે એક ઊંડા પરિવર્તન તરફ દોરી જાય છે.

ઉંબરો સંસ્કૃતિ, સંબંધો અને આત્મવિકાસની રંગીન છબી રજૂ કરે છે, જેમાં અભિનય કર્યો છે મંજેલા કલાકારો – વંદના પાઠક, કાજલ ઓઝા વૈદ્ય, સુચિતા ત્રિવેદી, દીક્ષા જોશી, તર્જની ભદલા, તેજલ પંચસારા, વીનીતા જોશી, સાથે આરજવ ત્રિવેદી અને સંજય ગાલસર. લંડનની પૃષ્ઠભૂમિ ફક્ત દશ્યરૂપ નથી, પણ એક પ્રતિક છે – જ્યાં જીવનની ઓળખમાંથી બહાર આવીને નવી શક્યતાઓ તરફ પગલાં ભરવાનું દર્પણ મળે છે.

દિગ્દર્શક અભિષેક શાહ કહે છે, આપણાં સમાજમાં અનસૂનાવેલ અવાજોને અવકાશ આપતી ફિલ્મ નહેલારોથ પછી, મેં નિર્માતા તરીકે નકામથાનથ બનાવી – જે સત્તાવાર અને દુબળા વર્ગ વચ્ચેના સંઘર્ષને ઉજાગર કરે છે. હવે, નઉંબરોથ જેવી હળવી છતાં ઊંડી લાગણી ધરાવતી વાર્તાને દિગ્દર્શન કરવાનો મોકો મળ્યો. જીવનમાં આપણે દરેક વખતે એવી દહેલીઝે ઊભા રહીએ છીએ જ્યાં કોઈ મહત્વપૂર્ણ નિર્ણય લેવાનો હોય છે. નઉંબરોથ એ છે એવી ક્ષણોની કહાની – જ્યાં મૌનથી, સંઘર્ષથી અને અંતે પોતાનો અવાજ શોધવાથી મહિલાઓની એક નવી ઓળખ ઊભી થાય છે.

ફિલ્મમાં નસીમાબેનથ ની ભૂમિકા નિભાવતી વંદના પાઠક કહે છે, સીમા પટેલનું પાત્ર મને આપણા આજુબાજુની કેટલીય સ્ત્રીઓ યાદ અપાવે છે – જેમ કે મારી માતા, બૂઆઓ કે પાડોશની આંટીઓ – જેઓ આખું જીવન બીજાની સેવામાં કાઢી દે છે, પણ પોતાનાં સપનાઓ વિશે ક્યારેય વિચારે નહીં. ઉંબરો એ પાત્રો માટે શ્રદ્ધાંજલિ છે – એક આવાહન કે પોતાને પસંદ કરવું પણ એક મહત્વપૂર્ણ નિર્ણય છે, અને તે ક્યારેય મોડું થતું નથી.

અન્વેષા તરીકેના પોતાના પાત્ર વિશે વાત કરતાં દીક્ષા જોશી કહે છે, નઉંબરોથ પર કામ કરવું મારા માટે એક પ્રકારની થેરાપી હતી. મને જૂની




જર્નલિંગની ટેવ ફરી મળી. અન્વેષા એક એવા ડર સાથે જીવતી છે જેને તે સામે જોઈ શકતી નથી – અને પોતાના હસમુખ સ્વભાવની આડમાં તેને છુપાવતી રહે છે. આવી સ્ક્રિપ્ટ ખૂબ જ દુર્લભ છે, જે સ્ત્રીની યાત્રાને એટલી સાદાઈ અને સચ્ચાઈથી રજૂ કરે છે. મને વિશ્વાસ છે કે આ ફિલ્મ ઘણી મહિલાઓને જીવનમાં નવી શરૂઆત માટે પ્રેરણા આપશે – ભલે તે યાત્રા હોય, ચિકિત્સા હોય કે આત્મસ્વીકૃતિ.

તો ભુલશો નહીં, જોઈ લેજો નઉંબરોથ નો વર્લ્ડ ડિજિટલ પ્રીમિયર – ૨૪ એપ્રિલથી માત્ર શેમારૂમી પર!

# જ્ઞાન, કલ્પના અને વિચારશક્તિનો ઉત્સવ એટલે આજ વિશ્વ પુસ્તક દિવસ



અરૂણ નિર્મળ

આજે, ૨૩ એપ્રિલે, સમગ્ર વિશ્વમાં વિશ્વ પુસ્તક અને કોપીરાઈટ દિવસ ની ઉજવણી કરવામાં આવે છે. આ દિવસની ઉજવણીનો હેતુ માત્ર પુસ્તકો માટે પ્રેમ જ વ્યક્ત કરવાનો નથી, પણ વાંચનની સાંસ્કૃતિક પરંપરાને ઉજાગર કરવાનો છે, તેમજ લેખકો અને પ્રકાશકોના અધિકારોને માન્યતા આપવાનો પણ છે.

પુસ્તકો – જીવનના માર્ગદર્શક પ્રાચીનકાળથી લઈને આજના આધુનિક યુગ સુધી, પુસ્તકો મનુષ્યના સૌથી વિશ્વાસપાત્ર મિત્ર રહ્યા છે. તેઓ માત્ર જ્ઞાન જ આપતા નથી, પરંતુ વિચારશક્તિ વિકસાવે છે અને નવી દુનિયાના દરવાજા ખોલે છે. બાળકોથી લઈ વૃદ્ધો સુધી, દરેક માટે પુસ્તક કંઈક નવું આપવા સક્ષમ છે.

૨૩ એપ્રિલની પસંદગી કેમ? ઞગઉર્જાઈધ એ ૧૯૯૫માં ૨૩ એપ્રિલને વિશ્વ પુસ્તક દિવસ તરીકે જાહેર કર્યો હતો. આ દિવસે ત્રણ મહાન સાહિત્યકાર વિલિયમ શેક્સપિયર (અંગ્રેજી સાહિત્યના પિતા); મિગેલ દ સેરવાંટેસ (સ્પેનિશ સાહિત્યના મહાન કવિ) અને ઈન્કા ગારસિલાસો દ લા વેગા (દક્ષિણ અમેરિકન ) નું અવસાન થયું હતું. તેથી આ દિવસનું મહત્વ વૈશ્વિક સાહિત્યના ઈતિહાસમાં અનોખું છે. એટલે દર વર્ષે ૨૩ એપ્રિલના રોજ સમગ્ર વિશ્વમાં વિશ્વ પુસ્તક અને કોપીરાઈટ દિવસ ઉજવવામાં આવે છે. આ દિવસ યુનેસ્કોના ઉપક્રમ હેઠળ પ્રથમવાર ૧૯૯૫માં ઉજવવામાં આવ્યો હતો. તેનું મુખ્ય ઉદ્દેશ્ય છે. વાંચનને પ્રોત્સાહન આપવું, પુસ્તકોના મૂલ્યને ઉજાગર કરવો અને બૌદ્ધિક સંપત્તિની રક્ષા કરવી.પુસ્તકોનું જીવનમાં મહત્વ પુસ્તક એ માનવજાતના વિકાસમાં સૌથી મોટું યોગદાન આપતું સાધન છે. તે માત્ર જ્ઞાન પૂરું પાડે છે એટલું જ નહીં, પણ ભાવનાઓ, અનુભવો અને નવા વિચારો આપે છે. કોઈ પણ વ્યક્તિ જ્યારે એક પુસ્તક ખોલે છે, ત્યારે તે એક નવી દુનિયામાં પ્રવેશ કરે છે, જ્યાં કલ્પના અને જ્ઞાનનો સમૃદ્ધ ખજાનો મળે છે. જેમણે પુસ્તકોને જીવનમાં સ્થાન આપ્યું છે, તેઓ સંવેદનશીલ, વિચારશીલ અને આત્મનિર્ભર બન્યા છે.

ડિજિટલ યુગ અને પુસ્તકો

આજના ટેક્નોલોજીભર્યા યુગમાં જ્યારે સ્માર્ટફોન, ટેબલેટ અને સોશિયલ મીડિયા છે, ત્યારે વાંચનથી આપણો સંબંધ થોડો દૂર થયો છે. આવા સમયમાં નસ્રવિશ્વ પુસ્તક દિવસસ્રસ્ર આપણે યાદ અપાવે છે કે પુસ્તકો જીવનનો આધાર છે. અન્ય મીડીયા સમયસરની મજા આપે છે, પણ પુસ્તક સમય સાથે ચાલે છે અને દરવખત નવા અર્થ આપીને જ્ઞાન ની વૃદ્ધિ વધારે છે. જ્યારે મોબાઈલ, ટેબલેટ અને ઈન્ટરનેટના મુખ્ય સાધન બની ચૂક્યા છે, ત્યારે પણ મૌલિક પુસ્તકની સુગંધ અને અનુભવ અલગ જ છે. આ દિવસ આપણે યાદ અપાવે છે કે કેટલીય સમસ્યાઓનો ઉકેલ – એક સારા પુસ્તકમાં છૂપાયેલો હોય છે. શિક્ષણ અને વાંચનના પ્રત્યે પ્રતિબદ્ધતા વિશ્વ પુસ્તક દિવસ એ બાળકોથી લઈને વયસ્કો સુધી દરેકને વાંચનની પ્રવૃત્તિમાં જોડાવાનો મોકો આપે છે. શાળાઓ, લાઈબ્રેરીઓ અને પુસ્તકોના મેળાવડા દ્વારા વાંચન પ્રત્યે રુચિ વિકસાવવામાં આવે છે. બાળકોમાં નાની ઉંમરે વાંચન સંસ્કૃતિ વિકસાવવી ખૂબ આવશ્યક છે – કેમ કે આજે વાંચશે, એ જ કાલે સર્જશે. એક પુસ્તક, અનેક અનુભવપુસ્તક એક મૌન ગુરૂ છે, જે કદી અવાજ કરે નહીં, પણ જીવનને બદલી નાખે એવાં પાઠ શીખવે છે. ચાલો, આ વિશ્વ પુસ્તક દિવસે આત્મમંથન કરીએ કે છેલ્લે ક્યારે કોઈ પુસ્તક વાંચ્યું હતું?

અનેક વાર્તાઓ, વિચારધારાઓ અને જીવંત પાત્રો આપની રાહ જોઈ રહ્યા છે , એક પુસ્તકમાં.કોપીરાઈટ – સર્જનાત્મકતાનું રક્ષણ

આ દિવસમાં કોપીરાઈટ પર પણ ખાસ ભાર મૂકવામાં આવે છે. કોપીરાઈટ એ લેખકો, સર્જકો અને ચિત્રકારો જેવા સર્જનાત્મક લોકોને તેમનું અધિકાર આપતું કાયદાકીય રક્ષણ છે. આનો અર્થ એ કે કોઈપણ વ્યક્તિ તેમની રચનાઓનો ઉપયોગ તેમની મંજૂરી વિના નહીં કરી શકે.

આજનો સંદેશ ચાલો, આજે એક નવું પુસ્તક હાથમાં લઈએ. કંઈક નવું વાંચીએ, વિચારીએ અને વ્યક્તિત્વના નવા આયામો શોધીએ. દરેક પાનાં સાથે કોઈ નવો વિચાર ઉગે કેમ કે નસ્રપુસ્તકો માત્ર વાંચવા માટે નથી, જીવવા માટે છે.

# વીંછીયા તાલુકાના સનાળી ગામે લાગેલી આગને ફાયર ફાઈટરની ટીમે સત્વરે કાબુમાં લીધી






## વહીવટી તંત્ર દ્વારા સમગ્ર ઘટનાને મોકડ્રીલ જાહેર કરાઈ

ગતરોજ રાજકોટ જિલ્લાના વીંછીયા તાલુકાના સનાળી ગામે સ્મશાનની સામે બાવળ તથા ઘાસના જથ્થા ઉપરથી પસાર થતી વીજ લાઈનમાંથી તણખો ઝરતા આગ લાગી હતી. ત્યાંથી પસાર થતાં કોઈ રાહગીરે સરપંચને જાણ કરી અને સરપંચે કંટ્રોલ રૂમમાં જાણ કરી હતી. જસદણ નગરપાલિકાના ફાયર ફાઈટરને તુરંત જ સનાળી ગામે પહોંચવા સૂચના આપવામાં આવી. પોલીસ તથા ફાયર ફાઈટરની ટીમે તુરંત જ ઘટના સ્થળે પહોંચીને આગને કાબુમાં લીધી હતી. જેમાં કોઈ પણ પ્રકારની જાનહાની કે અન્ય કોઈ આર્થિક નુકસાન થયેલ નથી. અંતે વહીવટી તંત્ર દ્વારા સમગ્ર ઘટનાને મોકડ્રીલ જાહેર કરવામાં આવી હતી. આ પ્રસંગે તાલુકા વહીવટી તંત્ર, પોલીસ અને ફાયર વિભાગનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.


# ગરમીમાં ફરી ક્રમશઃ વધારો : રાજકોટ સહિત ૧૦ સ્થળોએ ૪૦થી ૪૩ ડિગ્રી તાપમાન

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજયમાં ફરી ગરમીનું મોજુ છવાઈ ગયું છે અને ગઈકાલે ૧૦ સ્થળોએ તાપમાન ૪૦થી ૪૩ ડિગ્રી વચ્ચે નોંધાયુ હતું. જેમાં સૌથી વધુ રાજકોટ ખાતે ૪૩ ડિગ્રી સાથે કાળઝાળ ગરમી અનુભવાઈ હતી.

જયારે સુરતમાં ૪૦.૪, અમદાવાદમાં ૪૧.૯, અમરેલીમાં ૪૨.૫, વડોદરામાં ૪૧.૪, ભાવનગરમાં ૪૦, ભુજમાં ૪૨.૧ ડિગ્રી તેમજ ડિસામાં ૪૧.૭, ગાંધીનગરમાં ૪૧.૮, કંડલામાં ૪૧.૩ અને નલિયામાં ૩૯.૬ ડિગ્રી, મહતમ તાપમાન નોંધાયુ હતું.

તથા જામનગર શહેરમા મહતમ તાપમાનમાં ૧ ડિગ્રીના વધારા સાથે પારો ૩૯.૮ ડિગ્રી પહોંચ્યો હતો.જ્યારે લઘુતમ તાપમાન સતત ત્રીજા દિવસે પણ ૨૪ ડિગ્રી રહ્યો હતો.અને વાતાવરણમા ભેજનું પ્રમાણ ૭૪ ટકા નોંધાયું હતું.તો



પવનની ગતિ પ્રતિકલાક ૬.૮ કિમિ રહી હતી.શહેરમાં સવાર સાંજ ઠડક અને બપોર ના સમયે સૂર્યનારાયણ નો આકરો તાપ સને ગરમીથી શહેરીજનો અકળાયા હતા.

જયારે ભાવનગર શહેર અને જિલ્લામાં ગરમીનું જોર વધ્યું હતું. મંગળવારે ભાવનગર શહેર નું મહત્તમ તાપમાન વધીને ૪૦.૦ ડિગ્રી રહેવા પામ્યું હતું. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૭.૦ ડિગ્રી નોંધાયું હતું. વાતાવરણમાં ભેજ નું પ્રમાણ ૧૭% રહ્યું હતું. જ્યારે પવનની ઝડપ ૮ કિ.મી. પ્રતિ કલાકની રહી હતી.

# સરહદી કચ્છની ધરા ભૂકંપના ૫.૦ના આંચકાથી ધણધણી : લોકોમાં ગભરાટ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

સરહદી જિલ્લા કચ્છના પૂર્વ વિસ્તારના દુધઈ પાસે ગઈકાલે રાત્રે ૧૧:૨૬ કલાકે ફરી એકવાર ભૂકંપનો આંચકો નોંધાયો છે. ૨૦૦૧ના વિનાશક ભૂકંપ બાદ જિલ્લામાં ભૂકંપના નાના નાના આંચકાનો સિલસિલો અવિરતપણે શરૂ રહેવા પામેલ છે. ગત મોડી રાત્રે ૧૧:૨૬ કલાકે દુધઈ પાસે ૫.૦ની તીવ્રતાનો ભૂકંપનો આવેલ આ આંચકાની અસર રાપરથી લઈને નખત્રાણા વિસ્તારમાં થઈ હતી.

વર્ષ ૨૦૦૧માં કચ્છમાં આવેલા વિનાશક ભૂકંપ બાદ ખાસ કરીને વાગડની ફોલ્ટ લાઈન પર નાના નાના આંચકાઓ નોંધાઈ રહ્યા છે. તો ખાવડા વિસ્તાર પાસે પણ નાના નાના આંચકાનો સિલસિલો અવિરતપણે ચાલુ છે.

ગઈકાલે મધરાતે ૧૧:૨૬ કલાકે ૫.૦ની તીવ્રતા સાથેના ભૂકંપના આંચકાથી કચ્છના વાગડ વિસ્તારમાં કંપનની અસર થઈ હતી. ભૂકંપનું કેન્દ્રબિંદુ પૂર્વ કચ્છના દુધઈથી ૧૭ કિલોમીટર દૂર નોર્થ-નોર્થ ઈસ્ટમાં નોંધાયું છે.

ઉલ્લેખનીય છે કે, કચ્છના ભચાઉ વિસ્તારમાં અવારનવાર ભૂકંપના આંચકાઓ સક્રિય ફોલ્ટલાઈન પર જ નોંધાઈ રહ્યા છે. પૂર્વ કચ્છના વાગડ વિસ્તારમાં ભચાઉ પાસે આવેલ ભૂકંપની ફોલ્ટલાઈન પર અવારનવાર ૧.૦ થી ૪.૦ની તીવ્રતાના આંચકાઓ નોંધાઈ રહ્યા છે. ખાસ કરીને વાગડ વિસ્તારના ભચાઉ, રાપર, દુધઈની આસપાસના વિસ્તારમાં અવારનવાર આંચકા અનુભવાતા હોય છે.

તો ભારત પાકિસ્તાન બોર્ડર પર પણ ફોલ્ટલાઈન સક્રિય થઈ છે.ભૂકંપના આ આંચકાથી કોઈપણ પ્રકારનું નુકશાન થવા પામેલ નથી. ગાંધીનગર સ્થિત ગઈકાલે (ઈન્સ્ટિટ્યૂટ ઑફ સિઝ્મોલોજીકલ રિસર્ચ) દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, ૨૨ એપ્રિલ, ની રાત્રે કચ્છ જિલ્લામાં ભૂકંપ નોંધાયો છે.

ભૂકંપનું કેન્દ્ર દુધઈ ગામથી આશરે ૧૭ કિ.મી. ઉત્તર-ઉત્તર પૂર્વમાં આવેલું હતું. ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૫.૦ માપવામાં આવી છે.ભૂકંપના આંચકાથી કોઈપણ પ્રકારની જાનહાની નથી.

# મહાનગરપાલિકાના આઈ.સી.ડી.એસ. વિભાગના ઈસ્ટ ઝોન સી.વી.ડી. સેજાની ખાતે પોષણ પખવાડીયાની ઉજવણી કરવામાં આવી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

આંગણવાડી કાર્યકર તેમજ હેલ્પર બહેનો દ્વારા તાઃ૨૧ના રોજ પોષણ પખવાડિયા અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકાના આઈ.સી.ડી.એસ. વિભાગના ઈસ્ટ ઝોન સી.વી.ડી. સેજાની ખાતે પોષણ પખવાડિયાની ઉજવણી કરવામાં આવેલ હતી. જેમાં વિભાગીય નાયબ નિયામક પુર્વીબેન પાંચાલ, વંદનાબેન સોલંકી, પ્રોગ્રામ ઓફિસર શારદાબેન દેશાઈ, પૂર્ણા કન્સલટન્ટ જયશ્રીબેન ભાયાણી, ડ્જઉ એકતાબેન કકાડિયા, સુપરવાઈઝર મહેશ્બાની ઉપસ્થિતિ રહ્યા હતા.

પ્રોગ્રામ ઓફિસર દ્વારા પ્રથમ સગર્ભાના ૧૦૦૦ દિવશનું મહત્વ સમજાવી અને તેને મળવાપાત્ર લાભો વિશે સમજાવવામાં આવેલ. તીળ બાળકોની ઓળખ કરી અને તેને પોષણ અને તેની સારવાર વિશે માર્ગદર્શન આપેલ. કિશોરીઓ/



સગર્ભા/તેમજ ધાત્રી માતાને પોષણયુક્ત ખોરાક આપી બાળકનું અને કિશોરીઓનું જીવન સ્વસ્થ કઈ રીતે બને એ બાબત ખૂબ જ સરળ રીતે માર્ગદર્શન આપેલ. અંપ્રાશન કરાવેલ અને બાળ દિવસની ઉજવણી પોષણ પખવાડિયા અંતર્ગત આગંવાડી પર કરવામાં આવેલ હતી પ્રોગ્રામ ઓફિસર દ્વારા સગર્ભા/ધાત્રીઓને પણ ટીએચઆર વિશે સમજણ આપવામાં આવેલ. શાળાએ ન જતી કિશોરીઓને શાળાએ જવા માટે સમજણ આપવામાં આવેલ હતી અને કુપોષણમાંથી કઈ રીતે બહાર સગર્ભા સ્ત્રીઓ તથા ધાત્રી માતાઓ તથા કિશોરીઓ તથા બાળકોને લાવવા તે વિશે સમજણ પણ આપવામાં આવેલ હતી. વિંમિાંથી બનતી વાનગીઓ વિશે પૂરતું માર્ગદર્શન આપી તેમાંથી બનતી વાનગીઓમાંથી સગર્ભા ધાત્રી કિશોરી અને બાળકની માતાને પોષણ મળી રહે તે અંગે પણ માર્ગદર્શન આપી પોષણ ઉત્સવ કાર્યક્રમની ઉજવણી કરવામાં આવેલ છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# માલિયાસણ, મોરબી હાઈ-વે પરના દબાણો પર તંત્રનું બુલડોઝર: રૂ.૧૪ કરોડની જમીન ખાલી કરાવાઈ

## સરકારી ખરાબા પર તબેલા, ચા,પાન, નોન-વેજની દુકાનો ખડકાયાં:તબેલો બનાવીને સરકારી જમીનનું વેચાણ તંત્રના ધ્યાનમાં આવતાં ફોજદારી કાર્યવાહી



મુખ્ય સમાચાર રાજકોટ

શહેરની ભાગોળે માલિયાસણ અને મોરબી હાઈ-વે પર મોકાની જગ્યાએ આવેલી સોનાની લગડી જેવી સરકારી ખરાબાની જમીનો પર ધંધારોજગાર ઊભા કરીને તગડી કમાણી કરનારા શખ્સો માથે મંગળવારે કલેક્ટરતંત્ર ત્રાટક્યું હતું. જેમાં તબેલા, દુકાનો, રેસ્ટોરન્ટ સહિત ૨૨ દબાણો દૂર કરીને કુલ આશરે રૂ.૧૪ કરોડની જમીન ખાલી કરાવવામાં આવી હતી.

રાજકોટથી અમદાવાદ હાઈ-વે પર આવેલા માલિયાસણમાં સરકારી જમીન પર ૩ ઢોર તબેલા, ૧ દુકાન, ૧ મકાન, ૧ ગેરેજ/ સર્વિસ સ્ટેશન અને ૯ જેટલી ચા-પાનની દુકાનના દબાણ થઈ ગયા હતા. જેને દૂર કરીને આશરે ૨ એકર જમીન ખુલ્લી કરાવવામાં આવી હતી.

જેની બજાર કિંમત આશરે રૂ.૪ કરોડ થવા પામે છે. આ દબાણોમાંથી તબેલાવાળી જમીનનું ગેરકાયદે વેચાણ થયાનું ધ્યાનમાં આવતાં વેચાણ કરનાર સામે ફોજદારી ફરિયાદ નોંધાવવાની કાર્યવાહી કરવામાં આવી હતી.

જ્યારે મોરબી હાઈ-વે પર બેડી ચોકડી પાસે સરકારી ખરાબાની ૧ હજાર ચોરસમીટર જમીન પર છેલ્લા કેટલાક સમયમાં દબાણો ખડકાઈ ગયા હતા. તંત્ર દ્વારા ૮ એપ્રિલે દબાણો દૂર કરવા નોટિસ ફટકારવામાં આવી હતી, આમ છતાં એની કોઈ અસર ન પડતાં બુટ ભવાની પાન એન્ડ કોલ્ડડ્રીંક્સ, શેરડીનો ચીચોડો, લાજવાબ નોનવેજ રેસ્ટોરન્ટ, લજવાબ પાન એન્ડ કોલ્ડડ્રીંક્સ,લાજવાબ બીનજ સતગુરુ સ્ક્રેપ તથા પંચરના ૭ જેટલા દબાણો પર બુલડોઝર ફેરવીને અંદાજે રૂ.૧૦ કરોડની જમીન ખુલ્લી કરાવવામાં આવી હતી.

મામલતદારે જણાવ્યું હતું કે આવનારા સમયમાં પણ સરકારી જમીનો પર દબાણો કરનારા શખ્સો સામે કાર્યવાહી ચાલુ રહેશે. મનપાના જેસીબીની મદદથી પીજીવીસીએલ સ્ટાફ અને ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે ડિમોલીશનની કાર્યવાહી કરવામાં આવી હતી.

# ગેરકાયદેસર ગર્ભપરિક્ષણ અને ગર્ભપાત કરવાના ગુનામાં મહિલા આરોપી જામીન મુક્ત

## હોમકેર નર્સિંગ સારવારના અનુભવના આધારે ભાડાના મકાનમાં ગેરકાયદે ધંધો શરૂ કર્યો તો



એડવોકેટ

મુખ્ય સમાચાર રાજકોટ

સિતાજી ટાઉનશીપમાં ભાડાના મકાનમાં હોમકેર નર્સીંગ સારવારના અનુભવના આધારે ગેરકાયદેસર ગર્ભપરિક્ષણ અને ગર્ભપાત કરવાના ગુનામાં સંડોવાયેલી મહિલાને જામીન મુક્ત કરવા કોર્ટે હુકમ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ રાજકોટમાં સ્પીડવેલ પાર્ટીપ્લોટ પાસે આવેલ આવાસ યોજનાના સિતાજી ટાઉનશીપમાં સી વીંગમાં રૂમ નંબર ૪૦૪માં ગેરકાયદેસર ગર્ભપરિક્ષણ અને ગર્ભપાતનો ધંધો ચાલી રહ્યો હોવાની બાતમીના આધારે એસઓજી પોલીસે ટ્રેપ ગોઠવી મહિલા કોન્સ્ટેબલને ડમી સગર્ભા ગ્રાહક તરીકે મોકલી ગેરકાયદેસર ગર્ભપરીક્ષણ કરતી સરોજબેન વિનોદભાઈ ડોડિયા (રહે. રઘુવીર સોસાયટી શેરી નં. ૪ શ્રી સહકાર મેઈન રોડ રાજકોટ)ને ઝડપી લીધી હતી. અને ચાર લાખની કિંમતનું સોનોગ્રાફી મશીન, પરિક્ષણ કરવામાં ઉપયોગમાં લેવાતી જેલ બોટલ, પ્લાસ્ટિકનું ટેબલ અને બોટલ મળી રૂ.૪,૧૦૧૫૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. પોલીસ દ્વારા આરોપી સરોજબેન ડોડીયાની ધરપકડ કરી જેલ હવાલે કરવામાં આવ્યા હતા. જે કેસમાં જેલ હવાલે રહેલી સરોજબેન ડોડીયાએ પોતાના વકીલ મારફત જામીન મુક્ત થવા કોર્ટમાં જામીન અરજી કરી હતી. જે જામીન અરજી ચાલવા ઉપર આવતા બંને પક્ષની રજુઆત બાદ આરોપીના બચાવ પક્ષે રોકાયેલા વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લઈ ડિસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ કોર્ટે આરોપીઓને જામીન મુકત કરવા હુકમ ફરમાવ્યો છે. આ કેસમાં આરોપી વતી રાજકોટના યુવા ધારાશાસ્ત્રી કૌશિક એમ. ખચલિયા, તેજસ એમ. ખરચલીયા, હિતેશ ભાયાણી, સન્ની પોપટાણી, ઈમરાન હિંગોરજા અને હેલ્પીંગમાં જેનીશાબેન વ્યાસ રોકાયા હતા.

# જીઈબીના રિએક્ટર અને કેબલ વાયરની ચોરી કરનાર ગેંગ ઝડપાઈ

## રાજકોટ ગ્રામ્ય એલસીબી ટીમે સુલતાનપુરના લીલાખા ગામ પાસેથી પાંચ શખ્સોને દબોચી લઈ રૂપિયા ૯.૬૯ લાખનો મુદ્દા માલ કબજે કર્યો



મુખ્ય સમાચાર રાજકોટ

રાજકોટ જિલ્લાના અનેક ગામોમાં છેલ્લા ઘણા સમયથી ચોરી કરતી ગેંગ સક્રિય બની હોય અને જીઈબીના કેબલ વાયર તથા રિએક્ટર ની ચોરી કરતી હોવાની ફરિયાદો પોલીસમાં નોંધાયા બાદ રાજકોટ ગ્રામ્ય એલસીબી ની ટીમે સુલતાનપુર ના લીલાખા ગામ પાસેથી પાંચ શખ્સોની ગેંગને ઝડપી લઈ રૂપિયા ૯.૬૯ લાખનો મુદ્દા માલ કબજે કર્યો છે

આ અંગેની માહિતી મુજબ ગ્રામ્ય એલસીબી ટીમના પીઆઈ વી વી ની સૂચનાથી પીએસઆઈ એચસી ગોહિલ અને ટીમના માણસો ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે સુલતાનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવતા લીલાખા ગામ પાસે પાંચ શખ્સોને શંકાસ્પદ કેબલ વાયર અને જી બીના રિએક્ટર ના જથ્થા સાથે દબોચી લઈ નામ ઠામ પૂછપરછ કરતા જણાવ્યું કે સામુ મનોજ ઉમિયા રહે મોરબી જૂની પીપળી રોડ ત્રિલોક ધામ સોસાયટી સતવારાના ભાડાના મકાનમાં તથા કૈલાશ ચતુર કુંઢીયા રહે ધાંગધ્રા જોગાસર રોડ તથા વનરાજ દેવરાજ કુંઢીયા રહે મોરબી લીલાપર રોડ આવાસ યોજના ક્વોટર તથા કાઠીઓ ઉર્ફે અશોક નરસિંહ વિરુગામિયા રહે મોરબી ૨૦ થી ફાટક પાસે તથા આકાશ સુરેશ દિકાણી રહે મોરબી લીલાપર રોડ સહિત પાંચ શખ્સોની ગેંગને ઝડપી લઈ જીબીનો ચોરવ મુદ્દા માલ કોપર વાયર ચાર મોબાઈલ ત્રણ વાહન આના પકડ ક્રુડ ડ્રાઈવર સહિત કુલ રૂપિયા ૯.૬૯ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો ઝડપાયેલ વાયર ચોરી ગેંગના સક્ષોની વધુ પૂછપરછ કરતા આ સક્ષોએ રાજકોટ જિલ્લા મોરબી સુરેન્દ્રનગર કચ્છ સહિતના જિલ્લાઓમાં અલગ અલગ સ્થળોએ ચોરી કર્યાની કબુલાત આપી હતી.

# ઓનલાઈન ગેમ્બલિંગ પ્રમોટ કરનાર વધુ ૬ ઈન્ફલુએન્સરની ધરપકડ કરતી સાઈબર ક્રાઈમ પોલીસ

## સાયબર ક્રાઈમે કુલ આઠ સામે કરી કાર્યવાહી




**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ સાયબર ક્રાઈમ એ વધુ છ સોશિયલ મીડિયાના ઈન્ફલુએન્સરોની ધરપકડ કરી બે દિવસમાં કુલ ૮ જેટલા સોશિયલ મીડિયાના ઈન્ફલુએન્સરો વિરુદ્ધ કાયર્વાહી કરી હતી. સાઈબર ક્રાઈમની પ્રાથમિક તપાસમાં સોશિયલ મીડિયા ઈન્ફલુએન્સરો દ્વારા ઓનલાઈન જુગારની સુવિધા પૂરી પાડતી વેબસાઈટ તેમજ એપ્લિકેશનની લીંક બાબતેનું પ્રમોશન કરી ઘર બેઠા લાખો રૂપિયાની આવક મેળવતા હોવાનું સામે આવ્યું છે. સાયબર કાઈમ બ્રાંચ છેલ્લા બે દિવસથી અચાનક એક્શનમાં આવી હતી અને ઓનલાઈન ગેમનું પ્રમોશન કરનારા લોકો સામે સાયબર ક્રાઈમે

લાલ આંખ કરીને વધુ ૬ લોકો સામે ગુનો નોંધ્યો છે. યુવાધનને ઓનલનું ગેત્રિનું વાડે ચઢાવતા વધુ ૬ ઈન્સ્ટાગ્રામ ઈન્ફલુએન્સર સામે કાર્યવાહી કરવામાં આવી છે. સાયબર ક્રાઈમ બ્રાંચે ઓનલાઈન જુગારના રવાડે ચડાવતા સોશિયલ મીડિયા ઈન્ફલુએન્સર નિલેશ ચાવડા, ભાવેશ રાઠોડ, લક્ષ્મણ જંજવાડીયા, સાગર છૈયા, ઈલેશ દેરવાડિયા, વિજય મજેઠીયા સહીતના વ્યકિતઓ વિરુધ્ધ જુગારધારા હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. સાયબર ક્રાઈમની સોશિયલ મીડિયા મોનિટરિંગ સેલને બાતમી મળી હતી કે, છેલ્લા કેટલાય સમયથી સોશિયલ મીડિયા ઈન્ફલૂએન્સર ઓનલાઈન ગેમ્બલિંગ બાબતેની વેબસાઈટ તેમજ એપ્લિકેશનની લીંક પતુ સુશિ શ્રીડિયા પ્લેટફોર્મ ઉપર પ્રમોશન કરી રહ્યા છે. જે બાતમીના આધારે સોશિયલ મીડિયા ઉપર વોચ રાખવામાં આવતા ઈન્સ્ટાગ્રામ આઈડી ધરાવનાર દીપ ગોસ્વામી અને ધાર્મિક વાઘાણી નામના સોશિયલ મીડિયા ઈન્ફલુએન્સરની ધરપકડ બાદ વધુ છે ની ધરપકડ કરવામાં આવી છે. અને હજુ પણ બે સાયબર કાઈમના રડારમાં હોવાનું જાણવા મળ્યું છે. સોશિયલ મીડિયા ઈન્ફલુએન્સર પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટના માધ્યમથી ઓનલાઇન ગેમ્બલિંગનું પ્રમોશન કરી મહિને લાખો રૂપિયા કમાઈ રહ્યાં છે. ઓનલાઈન જુગારને લગતી ગેમને સોશિયલ મીડીયા ઉપર પ્રોત્સાહન આપવું ગુનો છે.જેના આધારે આ સાયબર કાઈમ દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે. રાજકોટમાં પહેલી વખત સાયબર ક્રાઈમ પોલીસે આ પ્રકારની કાર્યવાહી કરી છે. પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝા, અધિક પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગડિયા,ડીસીપી ક્રાઈમ છે.પાર્થરાજસિંહ ગોહિલની સુચના અને માર્ગદર્શન હેઠળ સાયબર ક્રાઈમના સીનીયર પી.આઈ જે.એમ.કૈલા સાથે પીઆઈ એમ.એ.ઝણકાટ, પી.આઈ બી.બી.જાડેજા અને તેમની ટીમે કામગીરી કરી હતી.

# જલારામ પ્લોટમાં રહેણાંક મકાનમાં આગ ભભૂકતા નાસભાગ



## ઈલેક્ટ્રિક વસ્તુઓનો સામાન સળગી ઉઠ્યો: ફાયરબ્રિગેડે આગ બૂઝાવી

યુનિવર્સિટી રોડ પર જલારામ પ્લોટ-૧ શેરી નં.૩માં આવેલા મકાનમાં સાંજે આગ ભભૂકી ઉઠી હતી. ઈલેક્ટ્રિક વસ્તુઓ, સામાન મુકવાના ગોડાઉન તરીકે મકાનનો ઉપયોગ થતો હતો. ફાયરબ્રિગેડે દોડી જઈ પાણીમારો ચલાવી આગ કાબુમાં લીધી હતી. ફાયરના સૂત્રોમાંથી પ્રાપ્ત વિગતો મુજબ સાંજે ગોડાઉન તરીકે ઉપયોગમાં લેવાતા બે મજલાના મકાનમાં આગ ભભૂકી ઉઠી હતી. પાડોશમાં રહેતા મયુરભાઈ મહેતા નામના વ્યક્તિએ ફાયરબ્રિગેડને જાણ કરતાં સ્ટાફ ફાયર ફાઈટર સાથે દોડી આવ્યો હતો. આગને કાબુમાં લેવા પાણીમારો ચલાવાયો હતો. મકાન આગળ રોડ પર આવેલી ઈલેક્ટ્રીકની દુકાનના સામાન રાખવા માટે ભાડે અપાયેલું હતું.આગમાં અંદર રહેલો વાયરનો જથ્થો અને આવો સામાન હોવાથી આગ વધુ ઝડપી પ્રસરી ઉઠી હતી. મકાન ભાડે રાખનાર દુકાનદાર સહિતના દોડી આવ્યા હતા. આગના કારણે થોડીવાર આસપાસના રહેવાસીઓમાં ભયનું લખલખુ પ્રસરી ગયું હતું.

# પુનિત પાર્કમાં વિદેશી દારૂ બિયરના જથ્થા સાથે બુટલેગરની ધડપકડ

## ઘરમાં કલરના બેરલોમાં છૂપાવેલા દારૂ-બિયરના જથ્થા સહિત ૮૧ હજારનો મુદ્દા માલ કબજે



**મુખ્ય સમાચાર રાજકોટ**

ગોંડલ રોડ ચોકડી પાસે આવેલા પુનિત પાર્ક શેરી નાંજમાં રહેતા નીલ મહેશભાઈ કાલરિયા (ઉ.વ.૨૭) નામના શખસને ઘરમાં બેરલોમાં છૂપાવેલા વિદેશી દારૂ, બિયરના ૮૧,૮૨૮ રૂપિયાના મુદ્દામાલ સાથે તાલુકા પોલીસે પકડી પાડ્યો છે.

પુનિતનગર પાણીના ટાંકા પાસે પુનિત પાર્કમાં શ્રી પેલેસની સામે આવેલા મકાનમાં વિદેશી દારૂ, બિયરનો જથ્થો હોવાની તાલુકા પોલીસના સર્વેલન્સ સ્કવોડના હરપાલસિંહ જાડેજા, એ.સી.બી. ગોહિલ, એમ.ડી. જાડેજા, એન.ડી. મારવિયાને બાતમી મળી હતી જે આધારે પીએસઆઈ એમ.એચ. મહારાજ તથા ટીમે દરોડો પાડયો હતો. પોલીસે મકાનમાં જઈ તલાશી લેતાં અંદર કલરની બ્રાન્ડના બેરલો પડેલા હતા. સીલપેક બેરલો પોલીસે તોડતા અંદરથી અલગ-અલગ બ્રાન્ડની દારૂની નાની (ચપલા) તથા મોટી બોટલો તેમજ બિયરના ટીનનો જથ્થો નીકળી પોલીસે ટીનના બેરલો તોડતાં અંદરથી અલગ-અલગ બ્રાન્ડનો ૮૨૦૦૦નો દારૂ મળ્યો પડ્યો હતો. પોલીસે આવા ૯થી વધુ બેરલો તેમજ દારૂ-બિયરનો જથ્થો કબજે લીધો હતો. સાથે દારૂનો સંગ્રહ કરનાર આરોપી નીલ મહેશભાઈ કાલરિયાની ધરપકડ કરી હતી. કલરની પુટીના બેરલોમાં દારૂ છૂપાવ્યો હતો. બેરલમાં ખખડે નહીં એટલે લાકડાનું ભુસું ભરી દેવાયું હતું અને વચ્ચે બોટલો રાખી દેવાઈ હતી. બેરલોમાં કલરની પુટીના નામે જ પાર્સલ આવ્યા હોવાનું અને જથ્થો વેચે સગેવગે કરે એ પહેલાં પોલીસે છાપો માર્યો હતો. આ જ વિસ્તારમાં એક પાનની દુકાન કે આવું એક સ્થળ વિદેશી દારૂ, બિયર માટે જાણીતું સ્ટેન્ડ હોવાની પણ ચર્ચા છે.

# જેતપુરમાં પાણીના ટાંકામાં પડી જતા માસુમ બાળકનું મોત

જેતપુરમાં પાણીના ટાંકામાં પડી જતા પાંચ વર્ષના માસુમ બાળકનું મોત નિપજયું હતુ આ બનાવની વિગત એવી જાણવા મળે છે કે જેતપુરના ધોરાજી રોડ ઉપરજલારામ નગરમાં રહેતા કમલેશભાઈ અપાર નાથી નો પાંચ વર્ષનો પુત્ર ધાર્મિક ગઈકાલે એકાએક ગુમ થઈ ગયો હતો. તેથી તેના પરિવારજનો એ ધાર્મિક ની શોધ ખોળ શરૂ કરેલ હતી. અને આ અંગે ઉદ્યોગ નગર પોલીસ સ્ટેશનમાં પણ ધાર્મિક ગુમ થયો છે તેવી જાહેરાત કરતા પોલીસ પણ ધંધે લાગી હતી આજુબાજુના ઘરના બધા લોકોને ધાર્મિક અંગે પૂછપરછ ચાલુ કરી હતી તે દરમિયાન કમલેશભાઈ ના ઘરમાં રહેલ પાણી ના ભૂગર્ભ ટાંકામાં ધ્યાન જતા તેમાં ધાર્મિક પડેલો હોવાનું દેખાતું હતું તાત્કાલિક તેમને પાણીના ટાંકામાંથી બહાર કાઢી સરકારી દવાખાને લઈ ગયા હતા જ્યાં ડોક્ટરે તેમને મૃત જાહેર કરેલ છે આમ ત્રણ બહેનોનો એકના એક ભાઈનું અકાળે મોત થતા પરિવારમાં અરે રાતી વ્યાપી ગઈ છે.

# મારવાડી કોલેજની વિદ્યાર્થિનીની સ્નાનની તસવીરો લઇ સોશિયલ મીડિયામાં વાયરલ કરનાર મહિલાની અટકાયત

શહેરની અત્યંત પ્રતિષ્ઠિત ગણાતી મારવાડી કોલેજની વિદ્યાર્થિની બાથરૂમમાં સ્નાન કરી રહી હોય તેવી તસવીરો ખેંચી વાયરલ કરવાના નામે બ્લેક મેઈલિંગ કરાયાની ફરિયાદ સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં નોંધાતાં પોલીસે આરોપીની ધરપકડ કરી હતી. આ અંગે ની પોલીસ માંથી જાણવા મળેલી વિગતો મુજબ મોરબી રોડ ઉપર આવેલી મારવાડી કોલેજમાં એન્જિનીયરીંગનો અભ્યાસ કરતી અને તેની જ હોસ્ટેલમાં રહેતી એક વિદ્યાર્થિની બાથરૂમમાં સ્નાન કરી રહી હતી ત્યારે તેની જાણ બહાર આરોપીએ એક મહિલાએ તેની તસવીરો ખેંચી લીધી હતી. આ પછી અંગત પળોની તસવીરો વિદ્યાર્થિનીના સોશ્યલ મીડિયા એકાઉન્ટ ઉપર મોકલીને તેનું બ્લેકમેઈલિંગ કરવાનું શરૂ કરતાં શરૂઆતમાં તો વિદ્યાર્થિનીએ આ વાતને અવગણી હતી પરંતુ બાદમાં બ્લેકમેઈલિંગ વધી જતાં આખરે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. પોલીસ ફરિયાદ નોંધાતાંની સાથે જ સાયબર ક્રાઈમ પોલીસ મથકે આરોપી મહિલાની ધરપકડ કરી લીધી હતી. તપાસમાં એવો પણ ખુલાસો થયો છે કે આરોપીની ઉંમર ૨૫થી ૨૭ વર્ષની છે. ત્યારે તેના દ્વારા આ પ્રકારની હિન હરકત શા માટે કરવામાં આવી હશે? વિદ્યાર્થિની પાસે કોઈ પ્રકારે નાણાંની માંગ કરવામાં આવી હશે કે પછી બીજું કોઈ કારણ હશે તે અંગે પોલીસ દ્વારા કોઈ જ વિગત આપવાનું ટાળવામાં આવ્યું હતુ

# ગુંદાવાડીમાં પદ્મકુંવરબા હોસ્પિટલના પટાંગણમાં ડિલીવરી કેસમાં ૩ નર્સ નિર્દોષ

ગુંદાવાડીમાં આવેલ પવકુંવરબા હોસ્પિટલમાં ગત ઓક્ટોબર ૨૦૨૪માં પદ્મકુંવરબા હોસ્પિટલમાં સવારે સગર્ભા મહિલાની હોસ્પિટલના ચોગાનમાં જ ડિલીવરી થઈ હતી. જેનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. અને આ પ્રકરણમાં હોસ્પિટલના લેબરરૂમના ત્રણ નર્સ કંચનબેન એમ. ખિમસુરિયા, નિધિબેન ચૌહાણ અને પારૂલબેન વાઘની બેદરકારીના આક્ષેપ થતાં હેડ નર્સ કંચનબેન ખિમસુરિયાની જામનગરની ગુરૂ ગોવિંદસિંહ હોસ્પિટ, નિધિબેન ચૌહાણની ભાવનગર ખાતેની સરટી હોસ્પિટલ અને કોન્ટ્રાક્ટ પર રહેલા વાઘની દ્વારકા ખાતે સરકારી હોસ્પિટલમાં તાકિદે બદલી કરી નાખવામાં આવી હતી. પદ્મકુંવરબા હોસ્પિટલના ડિલીવરી પ્રકરણમાં હેડ નર્સ કંચનબેન એમ ખિમસુરિયા, ફિક્સ પેના નિધિબેન ચૌહાણ અને કોન્ટ્રક્ટ બેઝના પારૂલબેન વાઘ સામે ખાતાકિય તપાસના આદેશ આપવામાં આવ્યા હતાં. તેમાં તપાસ કમિટિ દ્વારા ત્રણેય નર્સ, હાજર સ્ટાફ અને સગર્ભા મહિલા અને તેના પતિના નિવેદન લેવામાં આવ્યા હતાં. ઉપરાંત વાયરલ વીડિયોની ખરાઈ કરવામાં આવેલ પરિસ્થિતિના વર્ણનને ધ્યાનામં રાખી તેમાં ત્રણેય નર્સની બેદરકારી સામે નહીં આવતાખાતાકિય તપાસના અંતે દોષ મુક્ત જાહેર કરવામાં આવ્યા હતાં. દોષ મુક્ત જાહેર કરતા હુકમમાં છે આવે છે કે ત્રણેય નર્સ દ્વારા આપવામાં આવેલ બચાવનામું, ખાતાકિય તપાસના અધિકારીઓના તપાસ અહેવાલને ધ્યાનમાં લેતા ત્રણેય નર્સને દોષમુક્ત કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

# રાજકોટ સરકારી હોસ્પિટલના એક્સ-રે વિભાગમાં આગ: મોટી દુર્ઘટના સહેજમાં ટળી

## પેનલબોક્સ સળગતાં દર્દીઓ સ્ટ્રેચર મુકી ભાગ્યા : અન્નક્ષેત્રએ વીજ જોડાણ લેતાં અવરલોડના કારણે શોટસર્કિટ થયું હોવાનું પ્રાથમિક અનુમાન: સિવિલ સર્જન સહિતના જવાબદાર અધિકારીઓ દોડી ગયા



**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ સિવિલ હોસ્પિટલના એક્સરે વિભાગમાં શોટસર્કિટના કારણે આગનું છમકલુ થતાં નાસભાગ મચી ગઈ હતી. સીતારામ અગક્ષેત્રએ વિજ જોડાણ ખેંચી લેતા અવરલોડના કારણે સોટસર્કિટ થયું હોવાનું પ્રાથમિક અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. આ પટના બનતા સિવિલ અધ્યક્ષ સહિતના જવાબદાર અધિકારીઓ ઘટના સ્થળે તાત્કાલીક દોડી આવ્યા હતાં. મળતી માહિતી મુજબ સવારે ૧૧:૩૦ વાગ્યા આસપાસ સિવિલ હોસ્પિટલના એક્સરે વિભાગના રૂમ નં. ૨૧માં ઓવરલોડના કારણે ઈલેક્ટ્રીક પેનલ ભોક્સમાં આગ લાગી હતી. અચાનક આગ લાગતા અને ધુમાડાના ગોટા નિકળવા જતાં એકસરે વિભાગમાં હાજર ૩૦૦થી વધુ દર્દીઓ અને લોકોમાં નાસભાગ મચી ગઈ હતી. હાલ અમરનાથ પાત્રાના યાત્રિકોના મડિકલ ચેકઅપ ચાલી રહ્યા હોવાથી એક્સરે વિભાગાં ૩૦૦થી વધુ દર્દીઓ હાજર હતાં. ફુલ ગીર્દી સમયે જ આગનું છમકલું થતાં નાસભાગ મચી હતી. સ્ટ્રેચરમાં સુતેલા દર્દીઓ પણ સ્ટ્રેચર મુકીને ભાગ્યા હતાં.

હોસ્પિટલના સ્ટાફની કહેવા મુજબ હોસ્પિટલના કમ્પાઉન્ડમાં જ આવેલ સિતારામ અગલેત્રના સંચાલકોએ એક્સરે વિભાગમાંથી વિજળીનું જોડાણ ખેંચ્યુ હોય, ઓવર લોડના કારણે પેનલભોકસમાં શોર્ટ સર્કીટથી આગ લાગી હતી. જો કે, સ્ટાઠે સમયસર અશિમક બાટલાની મદદથી આગ કાબુમાં લઈ લેતા કોઈ મોટી દુર્ઘટના અટકી હતી. આ બારામાં એક્સરે વિભાગના એચ.ઓ.ડી. સિવિલ સર્જન, તબીબી અધિક્ષક અને આર.એમ.ઓ. સહિતના જવાબદાર અધિકારીઓને જાણ કરી અન્ન ક્ષેત્રનું વીજજોડાણ દૂર કરવા જણાવાયું છે.

# રાજકોટમાં પરિણીતાને ત્રાસ આપતા સાસરીયા સામે વધુ બે ફરિયાદ

## લવમેરેજ કરનારી યુવતિને લગ્ન પછી પતિના અન્ય સ્ત્રી સાથે અફેરની જાણ થઈ

મુખ્ય સમાચાર રાજકોટ

કોલેજમાં અભ્યાસ કરતી ત્યારે પાર્સલ આપવા આવતા યુવાન સાથે પ્રેમ થઈ ગયા બાદ માવતરની વિરૂધ્ધ જઈ કોર્ટમેરેજ કરી પતિ સાથે રહેવા જતા જ સાસુ મેણા મારી ત્રાસ આપતા તથા પતિને અન્ય સ્ત્રી સાથે અફેર હોવાની જાણ થતા પતિને પુછતા મારકુટ કરી હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધ્યો હતો.

રીબડા અવંતીકા એવન્યુ-એમાં રહેતી સાયમાએ બી ડીવીઝન પોલીસમાં પતિ મહેશ ઉર્ફે મયુર સાગઠીયા, સાસુ શાંતાબેન સામે નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે ત્રણેક વર્ષ પૂર્વે હું કોલેજમાં અભ્યાસ કરતી ત્યારે મયુર અમારી કોલેજમાં કુરીયર આપવા આવતો હોઈ જેથી મુલાકાત મિત્રતા પ્રેમ સુધી પહોંચી હતી.બાદ અમારી મરજીથી કોર્ટમેરેજ કર્યા હતા.બાદ પતિ અને સાસુ સાથે રહેતી હતી. એક વખત સાસુના ફોનમાં કોઈનો ફોન આવીને કટ થઈ જતા તેણે મને ફરિ ફોન જોડી દેવા કહ્યું હતું. પરંતુ પતિએ ના પાડી છતાં ફોન જોડી દેતા પતિએ ત્રણ ફડાકા ઝીંકી દીધા હતા.અને માવતરે ગઈ ત્યારે પતિના અન્ય સ્ત્રી સાથેના અફેરની જાણ થતા જે અંગે પતિને પુછતા મારકુટ કરી હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. તેમજ મહિલા પોલીસમાં ખોરાણા ગામે માવતરે રહેતી જયશ્રીબેન વધેરાએ પતિ દીલીપભાઈ, સાસુ ગંગાબેન, કાકાજી સસરા વાલજીભાઈ, નણંદ ગીતા અને નણદોયા લવજી સહિતના સામે ત્રાસ આપી મારકુટ કરી હોવાની ફરિયાદ નોંધાવી જણાવ્યું હતું કે વર્ષ ૨૦૨૧માં દિલીપ સાથે લગ્ન થયા હતા.બે માસ સારી રીતે રાખેલ બાદ થરકામ બાબતે મેણા મારતા તેમજ પહેરવા ઓઢવા અંગે પાબદી લગાવી મારકુટ કરતા હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# બેડી હડમતીયા ગામે પગ લપસતા મહીલાનું કુવામાં ડુબી જતાં મોત

બેડી હડમતીયા ગામે રહેતી હેતલબેન સુરેશભાઈ સુરાણી (ઉ.વ.૨૭) નામની પરિણીતા પોતાની વાડીના કૂવામાંથી પાણી ભરવા ગઇ ત્યારે અંદર પડી ગઈ હતી. ફવામા મોડે સુધી તેણી પાણી ભરીને પરત ન આવતાં પરિવારજનો તપાસ કરવાં જતાં તેણી અંદર પડી ગયાનું જૈણાતાં અરેરાટી વ્યાપી ગઈ હતી. પરિવારજનોએ તેણીને બેભાન હાલતમાં બહાર કાઢી હતી. ૧૦૮ને જાણ કરવામાં આવતાં તેના ડોક્ટર, અક્ષય બાંભણીયાએ તેણીને મૃત જાહેર કરતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. પોલીસ કન્ટ્રોલ રૂમના ઇન્ચાર્જ ફતેહસિંહ સોલકીએ જાણ કરતાં કુવાડવા રોડ પોલીસ સ્ટેશનના હેડકોન્સ. પ્રશાંતભાઈ સહિતે પહોંચી જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડયો હતો. તેણીના લગ્ન આઠ વર્ષ પહેલા થયા હતાં. સંતાનમાં બે પુત્ર છે. પતિ ખેતી મજૂરી કરે છે. તેણી બે ભાઈની એકની એક બહેન હતી. તેના માતા-પિતા રાજકોટ રૈયા રોડ પર નહેરૂનગર વિસ્તારમાં રહે છે. પ્રાથમિક તપાસમાં તેણી પાણી ભરવા ગઈ ત્યારે પગ લપસી જતાં અંદર પડી ગયાનું ખુલ્યું હતું. આમ છતાં પોલીસે તપાસ યથાવત રાખી છે.ઘટનાથી બે માસુમ દિકરા મા વિહોણા થઇ ગયા છે.